Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૫૩
તા.૦૨-૦૨-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ મહા વદ - ૦૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૧ સૂર્યાસ્ત : ૦૬:૨૮

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૪.૮ | વડોદરા | ૧૬.૪ |
| અમદાવાદ | ૧૪.૦ | સુરત | ૧૬.૬ |
| ગાંધીનગર | ૧૨.૫ | નલિયા | ૧૨.૩ |

ચાંદી : ૪૦,૦૦૦ સોનું : ૩૧,૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

**પગારદાર વર્ગને કોઇ જ રાહત નહી : ઇન્કમ ટેક્સના સ્લેબ યથાવત રહ્યા** | **બજેટ** | **શિક્ષણ આરોગ્ય સેસ ત્રણના બદલે ૪ ટકા : કુલ ૪૨ મેગા ફુડ બનાવાશે**

# ગરીબો, ખેડૂતોને મોટી રાહતો, મધ્યમ વર્ગને ફટકો

## સ્ટાન્ડર્ડ ડિડક્શનની ફરી શરૂઆત : મ્યુચ્યુઅલ ફંડની કમાણી પર ૧૦ ટકા ટેક્સ : કસ્ટમ ડ્યુટી વધવાથી ફોન, ટીવી મોંઘા : ૭૦ લાખ નોકરીનું લક્ષ્ય

નવીદિલ્હી

નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આજે કરોડો લોકોની અપેક્ષા અને તમામ ક્ષેત્રોના ઉદ્યોગોની ઉત્સુકતા વચ્ચે વર્ષ ૨૦૧૮-૧૯ માટેનુ સામાન્ય બજેટ રજૂ કર્યુ હતુ. મોદી સરકારની વર્તમાન અવધિ માટેનુ અંતિમ સંપૂર્ણ બજેટ રજૂ કરતી વેળા જેટલીએ એકબાજુ ખેડુતો, ગરીબો અને મહિલાઓ માટે અનેક મોટી જાહેરાતો કરી હતી. પરંતુ પગારદાર વર્ગ, નોકરિયાત વર્ગ અને મધ્યમ વર્ગને મોટો ફટકો આપ્યો હતો. કારણ કે



તેમના માટે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. જેટલીએ ઈન્કમ ટેક્સના સ્લેબમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે સ્ટાન્ડર્ડ ડિડેક્શનની ફરી શરૂઆત કરવામાં આવી છે. આના હેઠળ ૪૦ હજાર રૂપિયા સુધી સ્ટાન્ડર્ડ ડિડેક્શન આપવામાં આવનાર છે. હવે મ્યુચ્યુઅલ ફંડની કમાણી પર ૧૦ ટકા ટેક્સ આપવાની ફરજ પડશે. સિનિયર સિટિજન્સને જુદી જુદી જમા રકમ પર મળનાર ૫૦ હજાર રૂપિયા સુધીના વ્યાજ દર ટેક્સ છુટછાટ આપવામાં આવનાર છે. પહેલા આ મર્યાદા ૧૦૦૦૦ રૂપિયા હતી. શિક્ષણ, આરોગ્ય પર સેસને હવે ત્રણ ટકાના બદલે ચાર ટકા કરવામાં આવ્યો છે. કસ્ટમ ડ્યુટી વધી જવાના કારણે મોબાઈલ ફોન અને ટીવી મોંઘા થઈ જશે. નાણાંપ્રધાન જેટલીએ પોતાના બજેટ ભાષણમાં કહ્યુ હતુ કે નાણાંકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં ભારતીય અર્થવ્યવસ્થા૭.૨ ટકાથી ૭.૫ ટકાના દરે આગળ વધશે. તેમણે દાવો કર્યો હતો કે ભારત દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની દિશામાં છે. નાણાંપ્રધાને એમ પણ કહ્યુ હતુ કે વર્તમાન સરકારના કાર્યકાળમાં ભારતનો સરેરાશ વૃદ્ધિ દર ૭.૫ ટકા રહ્યો છે. જેટલીએ જુદા જુદા ક્ષેત્રોને ફાળવણીમાં પણ વધારો કર્યો હતો.

## રેલ્વેને ૧ લાખ ૪૮ હજાર કરોડની ફાળવણી : સુરક્ષાને વિશેષ મહત્વ

### સમગ્ર ભારતીય રેલવે નેટવર્કને બ્રોડગેજમાં ફેરવવાની જાહેરાત

નવીદિલ્હી

નાણામંત્રી અરુણ જેટલીએ ભારતીય રેલવે માટે એક લાખ ૪૮ હજાર કરોડ રૂપિયાની ફાળવણીની આજે જાહેરાત કરી હતી. સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પણ ખાતરી આપી હતી. અરુણ જેટલીએ સામાન્ય બજેટ રજૂ કરતી વેળા રેલવે બજેટને પણ રજૂ કર્યું હતું. ગયા વર્ષે આ પરંપરા શરૂ કરવામાં આવ્યા બાદ હવે સામાન્ય બજેટની અંદર રેલવે બજેટને મર્જ કરીને રજૂ કરવાની શરૂઆત થઈ છે. આના ભાગરુપે આજે રેલવે બજેટ પણ રજૂ કરવામાં આવ્યું હતું. સામાન્ય બજેટના એક ચેપ્ટર રેલવેનું ઉમેરવામાં આવ્યું હતું. રેલવે માટે સૌથી મોટી જાહેરાત કરતા જેટલીએ કહ્યું હતું કે, ભારતીય રેલવેને સંપૂર્ણપણે બ્રોડગેજ કરવામાં આવશે. આ ઉપરાંત રેલવે પાટા અને ગેજ બદલવાની કામગીરી હાથ ધરવામાં આવશે. રેલવેને લઈને તેમની સરકાર સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. સુરક્ષાને ધ્યાનમાં લઈને રેલવે બજેટનો મોટો હિસ્સો પાટા અને ગેજ બદલવા પર ઉપયોગ કરવામાં આવશે. જેટલીએ કહ્યું હતું કે, હાલમાં ૫૦૦૦ કિલોમીટર લાઈનના ગેજ પરિવર્તનનું કામ ચાલી રહ્યું છે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, નાની લાઈનોને મોટી લાઈનોમાં ફેરવી દેવા માટે કામ ચાલી રહ્યું છે.

### કસ્ટમ ડ્યુટી વધી જતા ટીવી, મોબાઇલ મોંઘા

નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આજે કરોડો લોકોની અપેક્ષા અને તમામ ક્ષેત્રોના ઉદ્યોગોની ઉત્સુકતા વચ્ચે વર્ષ ૨૦૧૮-૧૯ માટેનુ સામાન્ય બજેટ રજૂ કર્યુ હતુ. જેટલીએ પોતાના છેલ્લા પૂર્ણ બજેટમાં કસ્ટમ ડ્યુટી વધારવાની જાહેરાત કરી હતી. આવી સ્થિતિમાં મોબાઈલ અને ટીવીની કિંમતો વધી ગઈ છે. મોબાઈલ ફોન ઉપર કસ્ટમ ડ્યુટી ૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા અને મોબાઈલ તથા ટીવી સ્પેરપાર્ટ્સ ઉપર ૧૫ ટકા ડ્યુટી કરવામાં આવી છે. કસ્ટમ ડ્યુટી વધી જતાં મોબાઈલ અને ટીવી મોંઘા થશે. કસ્ટમ ડયુટી પર સેસ ત્રણ ટકાથી વધારીને ચાર ટકા કરવાનો નિર્ણય કરાયો છે. આની સીધી અસર સ્માર્ટફોન અને ટીવી ઉપર થશે. આ નિર્ણયથી ભારતમાં વેચાતા તમામ કંપનીઓના સ્માર્ટફોન વધારે મોંઘા થશે.

### પેટ્રોલ-ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટીમાં બે રૂપિયાનો ઘટાડો

નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આજે સામાન્ય બજેટ રજૂ કર્યુ હતુ. જેમાં સરકારે મોટો નિર્ણય લેતા પેટ્રોલ અને ડિઝલ ઉપર બે રૂપિયા એક્સાઈઝ ડ્યુટી ઘટાડવાનો નિર્ણય કર્યો હતો. આનાથી પેટ્રોલ અને ડીઝલ બે રૂપિયા સસ્તુ થઈ ગયું છે. ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમત વધવાના પરિણામ સ્વરુપે તથા ભારતીય રૂપિયામાં નબળાઈના પરિણામ સ્વરુપે પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં વધારો થઈ રહ્યો છે. આઈઓસીની વેબસાઈટથી મળેલા આંકડા મુજબ દિલ્હીમાં ગયા મહિને એટલે કે જાન્યુઆરી મહિનામાં પેટ્રોલની કિંમતમાં ૨.૯૫ રૂપિયાનો વધારો થયો હતો. સરકારે એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને પેટ્રોલ ડીઝલમાં ચોક્કસપણે રાહત મળી છે. સરકારે પેટ્રોલ ઉપર એક્સાઈઝ ડ્યુટી બે રૂપિયા ઘટાડીને ૪.૪૮ રૂપિયા પ્રતિલીટર કરી દીધી છે.

### ભારતની ૪૦ ટકા વસ્તીને સરકારી હેલ્થ વિમો મળશે

નાણામંત્રી અરુણ જેટલીએ બજેટમાં આરોગ્ય અને રોજગાર તેમજ વેપાર ક્ષેત્રે અનેક જાહેરાતો કરી હતી. જેના ભાગરુપે દેશમાં ૨૪ નવા મેડિકલ કોલેજ શરૂ કરવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, દેશમાં વધુ તબીબોની જરૂર દેખાઈ રહી છે જેના ભાગરુપે વધુ મેડિકલ કોલેજોની પણ જરૂર છે. આ બાબતને ધ્યાનમાં લઈને નવી મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવી રહી છે. ફ્લેગશીપ રાષ્ટ્રીય આરોગ્ય સંરક્ષણ યોજનાની શરૂઆત કરવાની પણ તેઓએ જાહેરાત કરી હતી. જેટલીએ આરોગ્ય સેવાઓ માટે આયુષ્યમાન ભારત યોજના માટેની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ૧૦ કરોડ ગરીબ પરિવારો માટે પાંચ લાખ રૂપિયા પ્રતિ વર્ષની હોસ્પિટાલાઈઝેશનની સુવિધા સરકાર તરફથી કરવામાં આવશે. ટીબીના દર્દીઓને સરકાર તરફથી દર મહિને ૫૦૦ રૂપિયા આપવામાં આવશે.

### સાંસદોના પગારમાં વધારો કરાશે : ટૂંકમાં નવી પોલિસી

નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આજે સામાન્ય બજેટ રજૂ કર્યુ હતુ. જેમાં જેટલીએ સાંસદો માટે મોટી જાહેરાત કરી હતી. જેટલીએ જાહેરાત કરતા કહ્યું હતું કે, સાંસદોના પગારની સમીક્ષા માટે સરકાર નવો કાયદો લઈને આવશે. આ કાયદા હેઠળ પાંચ વર્ષમાં સાંસદોના પગારની સમીક્ષા કરવામાં આવશે. તેને જરૂર મુજબ વધારવામાં આવશે. જેટલીએ પોતાના બજેટના ભાષણમાં સાંસદોના વેતનની સમીક્ષા અંગે માહિતી આપી હતી. કેન્દ્ર સરકાર પહેલાથી જ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યપાલોના પગારમાં વધારાને લઈને પ્રસ્તાવ લાવી ચુકી છે જેને ટૂંક સમયમાં જ મંજુરી મળી જશે. આ પ્રસ્તાવ હેઠળ રાષ્ટ્રપતિનો પગાર પાંચ લાખ, ઉપરાષ્ટ્રપતિનો પગાર ચાર લાખ, રાજ્યપાલને ત્રણ લાખ રૂપિયા મળશે. સાંસદોના વેતનની સમીક્ષાની નવી વ્યવસ્થા પહેલી એપ્રિલ ૨૦૧૮થી લાગૂ થશે.

### કઈ ચીજો મોંઘી

| | | |
|---|---|---|
| મોબાઈલ ફોન | લેધર પ્રોડક્ટ્સ | મગફળી તેલ |
| ટીવી સેટ | પરફ્યુમ્સ | સોનુ |
| લેપટોપ | આફ્ટર સેવ | ચાંદી |
| લકઝરી ગાડીઓ | ડિયો, રુમ ફ્રેશનર | સિલ્ક ફેબ્રિક્સ |
| ચાંદીના સિક્કા | આયાત કરાતા જ્યુસ | મોટર સાઈકલ |
| સિગારેટ, પાન મસાલા | એલસીડી | ડાયમંડ |
| સિગાર | ટીવીના પાર્ટ્સ | ફર્નિચર, મેટ્રેસ |
| એલઈડી લાઈટ | સ્માર્ટ વોચ | વિડિયો ગેમ |
| એલઈડી લેમ્પ | રમકડા | રમત ગમતના સાધનો |
| સ્ટેઈનલેસ લેબ્સ | બસ | ખાદ્ય તેલ |
| લેધર ફુટવેર | ટ્રકના ટાયર | શાકભાજી |

## બજેટ : જરૂરી ચીજવસ્તુ મોંઘી થતાં લોકોનું જીવન વધુ મુશ્કેલ

જીએસટી અમલી બન્યા બાદ બજેટમાં અનેક વસ્તુઓ સસ્તી અને મોંઘી થશે તેવી અપેક્ષા વચ્ચે આજે બજેટ રજૂ કરવામાં આવ્યા બાદ લાઈફ વધારે મોંઘી અને જટિલ બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. મોબાઈલ ફોન, પરફ્યુમ, ડિયો, કાર, પે-કેજ્ડ ફ્રુટ જ્યુસ જેવી વસ્તુઓ વધુ મોંઘી બની ગઈ છે. નાણામંત્રી અરુણ જેટલીએ આ તમામ ઉપર કસ્ટમ ડ્યુટીમાં વધારો ઝીંકી દીધો હતો. જો કે, કેટલાક વસ્તુઓ સસ્તી પણ બની છે જેમાં ઈન્મોર્ટેડ રો નટ્સ, સોલાર ટેમ્પ્રેચર ગ્લાસ, રો મટિરિયલ્સ, ઘણી એસેસરીઝનો સમાવેશ થાય છે. કારણ કે, સરકારે આ વસ્તુઓ ઉપર આયાત ડ્યુટીમાં ઘટાડો કર્યો છે. મોબાઈલ અને ટીવી ઉપર કસ્ટમ ડ્યુટી ૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા કરી છે જ્યારે કાજુ ઉપર કસ્ટમ ડ્યુટી પાંચ ટકાથી ૨.૫ ટકા કરાઈ છે. જેટલીએ બજેટ રજૂ કરતી વેળા જુદી જુદી ચીજવસ્તુઓ ઉપર ડ્યુટીમાં ઘટાડો વધારો કરવાની જાહેરાત કરી હતી. કાચા કાજુ ઉપર ડ્યુટીને પાંચ ટકાથી ઘટાડીને ૨.૫ ટકા કરવાનો નિર્ણય કર્યો છે. બીજી બાજુ કસ્ટમ ડ્યુટી વધવાથી આયાત કરાતા જ્યુસની કિંમતમાં વધારો થયો છે. જે કિંમતમાં વધારો થયો છે તેમાં રુમ ફ્રેશનર, આયાત જ્યુસ, એલઈડી, એલસીડી, ટીવી, સ્માર્ટવોચ, ફુટવેર, તાપના ચશ્મા, સિગારેટ, રમકડાનો સમાવેશ થાય છે.

### કઈ ચીજો સસ્તી

| | |
|---|---|
| ઈમ્પોર્ટેન્ટ સાંભળવાના સાધનો | સિલ્વર ફોઈલ્સ |
| ઓનલાઈન રેલવે ટિકિટ | ફિંગર સ્નેકર |
| એનએનજી ફિનિસ્ડ લેધર | શૌર બેટરી |
| સોલાર ટેમ્પર્ડ ગ્લાસ | દેશમાં તૈયાર હિરા |
| પીઓએસ મશીન | શૌર ટેમ્પર્ડ ગ્લાસ |
| જુદા જુદા ડબ્બાઓમાં ઉપલબ્ધ શાકભાજી | કોકલિયર ઈમ્પ્લાન્ટ |

**૩૬૦૦ કિમી રેલવે પાટાઓનું નવિનીકરણ થશે : ૫૧૬૦ નવા કોચ બનાવાશે : રેલવે સ્ટેશનો અને ટ્રેનમાં સીસીટીવી મુકાશે : ૬૦૦ સ્ટેશન આધુનિક કરાશે**

# પાલનપુરમાં આંતર જીલ્લા દ્વીચક્રીય વાહનચોર ગેંગના ચાર ઈસમો ઝડપાયા






### એલ.સી.બી.ની ટીમે બાતમીના આધારે રૂા.૫.૮૦ લાખના મુદામાલ સાથે ઝડપ્યા

પાલનપુર

જિલ્લા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજર જિલ્લામાં વાહન ચોરીના બનતા ગુનાઓ અટકાવવા સઘન વાહન ચેકીંગ કરવા કડક અમલવારી કરવા સૂચના કરતા એલ.સી.બી.ની અલગ અગલ ટીમો બનાવી વાહન ચોરી અટકાવવા તેમજ વાહન ચોરી પડકવા માટે જે.એચ.સિંધવ, I/C પોલીસ ઈન્સ્પેકટર તથા એમ.આર. મોહનીયા પો.સ.ઈ તથા એન.એન. પરમાર પો.સ.ઈ એલ.સી.બી તથા એલસીબી સ્ટાફના રઘુવીરસિંહ, ગણપતલાલ, રમેશસિંહ, રાજેશકુમાર, ભરતજી, મિલનભાઈ, મહેશભાઈ, મહિપાલસિંહ, રાજેશભાઈની ટીમ પાલનપુર શહેર એરોમા સર્કલ વિસ્તારમાં વાહન ચેકીંગમાં હતા દરમ્યાન એરોમા સર્કલ ચાર રસ્તા સિધ્ધપુર તરફથી ડીસા તરફ જતા રોડ ઉપર એક ઈસમ હીરો હોન્ડા સ્પ્લેન્ડર લઈ આવતા તેને ઉભું રખાવી તેનું નામ ઠામ પૂછતાં પોતે પોતાનું નામ જયેશકુમાર નારણભાઈ માજીરાણા, રહે.૩૪, હીરાપાર્ક સોસાયટી, છબીલા હનુમાન પિતાંબર રોડ, પાટણવાળો હોવાનું જણાવતો હોઈ

અનુસંધાન પાના નં.૬

| | ઝડપાયેલ વાહન | ક્યાંથી ચોરાયું હતું |
|---|---|---|
| (૧) | એકટીવા જેનો આર.ટી.ઓ નંબર આવેલ નથી. | મહેસાણા |
| (૨) | ટી.વી.એસ. જી.જે.૦૨ સી.એચ. ૫૭૭૨ | મહેસાણા |
| (૩) | એકટીવા ૩જી જી.જે.૦૨ સી.એફ. ૯૫૧૧ | મહેસાણા |
| (૪) | એકટીવા ૩જી નં જી.જે.૦૨ સી.બી. ૬૦૧૮ | ઉંઝા |
| (૫) | એકટીવા જી.જે.૦૨ બી.સી. ૨૮૫૧ | ઉંઝા |
| (૬) | એકટીવા જી.જે.૦૨ બી.એન. ૪૧૯૨ | ઉંઝા |
| (૭) | એકટીવા જી.જે.૦૨ બી.એલ. ૪૯૦૯ | ઉંઝા |
| (૮) | એકટીવા જી.જે.૦૨સી.બી. ૦૪૭૧ | ઉંઝા |
| (૯) | હીરો ડયુટ જી.જે.૦૨ સી.એફ. ૧૪૫૨ | ઉંઝા |
| (૧૦) | એકટીવા ૪જી જી.જે.૦૨ સી.કે. ૯૪૯૯ | ઉંઝા |
| (૧૧) | હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ જી.જે.૨૪ એન.૪૩૧૮ | પાટણ |
| (૧૨) | એકટીવા જી.જે.૨૭ બી.એચ. ૬૪૦૭ | અમદાવાદ વટવા |
| (૧૩) | એકટીવાં જી.જે.૨૭ બી.ડી.૨૫૨૨ | અમદાવાદ ઈસનપુર |
| (૧૪) | હીરો પ્લેજર જેનો આર.ટી.ઓ. નંબર આવેલ નથી. | ઉંઝા |
| (૧૫) | ટી.વી.એસ. જયુપીટર જેનો નંબર ખબર નથી | ઈસનપુરથી |

આરોપી આસીફ બલોચે ચોરી કરેલાની કબુલાત કરે છે. અને આ જયુપીટર આરોપી વિજય મોદીને આપેલ હોઈ જે તેના ઘરેથી ચોરી થયેલ હોવાની કબુલાત કરેલ છે.

## પાલનપુરના ધનીયાણા ચોકડી પાસે જૂથ અથડામણ

પાલનપુર

પાલનપુરની ધનિયાણા ચોકડી પાસે સલાટ કોમના લોકો વચ્ચે નજીવી તકરારમાં જૂથ અથડામણ થતા ૬ લોકો ઘાયલ થતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

ધનિયાણા ચોકડી પાસે હાઉસિંગ બોર્ડમાં રહેતા સલાટ કોમના લોકો વચ્ચે કૌટુંબિક વાતચીતમાં બોલાચાલી થતા સામસામે મારામારી થઈ હતી. જેમાં ૬ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે ઈજાગ્રસ્તોને સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલ માં ખસેડાયા હતા.

આ ઘટનામાં રાજકુમાર રામાભાઈ સલાટ ઉ.૩૫, ગનગોરબેન રામાભાઈ સલાટ ઉ.૬૦, લીલાબેન હરતાલજી સલાટ ઉ.૩૫, છાયા હરતાલજી સલાટ ઉ.૭, કાશ્મીરાબેન બાબુભાઈ સલાટ ઉ.૨૫, પ્રેમજીભાઈ હરતાલજી સલાટ ઉ.૩૫ તમામ રહે. પાલનપુર હાઉસિંગ બોર્ડ, પાલનપુર.

### સુપ્રીમના ચુકાદાથી વાલીઓને મોટી રાહત

# ગુજરાતની ફી રેગ્યુલેટરીમાં વાલીઓને સમાવવાનો હુકમ

### ફી નિયમન કમીટીની નવેસરથી રચના કરવા તેમજ તેમાં અધ્યક્ષ સ્થાને નિવૃત્ત જજને રાખવા સુપ્રીમકોર્ટનો હુકમ

અમદાવાદ

ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭ની બંધારણીય કાયદેસરતાને પડકારતી રાજયભરની સ્વનિર્ભર શાળાઓ તરફથી સુપ્રીમકોર્ટમાં કરાયેલી પિટિશનો અને ગુજરાતના વાલીઓ તરફથી ફી રેગ્યુલેટરી કમીટી(ફી નિયમન કમીટી)માં વાલીઓના પ્રતિનિધિત્વને સમાવવા સહિતની દાદ માંગતી કરાયેલી રિટ અરજીઓના મહત્વના કેસમાં સુપ્રીમકોર્ટે આજે ગુજરાત રાજયની ફી રેગ્યુલેટરી કમીટીમાં વાલીઓને સમાવવા માટેનો બહુ મહત્વનો આદેશ કર્યો છે. સુપ્રીમકોર્ટે ફી નિયમન કમીટીની નવેસરથી રચના કરવા અને તેમાં અધ્યક્ષસ્થાને નિવૃત્ત હાઈકોર્ટ જજને રાખવા પણ હુકમ કર્યો હતો. સુપ્રીમકોર્ટે સ્વનિર્ભર શાળા સંચાલકોને પણ જોરદાર ઝટકો આપતાં આદેશ કર્યો હતો કે, સરકાર દ્વારા ફી નિયમન કાયદા અંતર્ગત નિર્ધારિત કરાયેલા ફી માળખા ઉપરાંતની વધારાની ફી વસૂલનાર શાળાઓએ વિદ્યાર્થીઓને તેમની વધારાની ફી પરત કરવાની રહેશે. આ હુકમને પગલે શાળા સંચાલકોને સુપ્રીમકોર્ટમાંથી બહુ મોટી પછડાટ મળી છે. સુપ્રીમકોર્ટે આજે તેના મહત્વના આદેશમાં ગુજરાતના ફી નિયમન કાયદામાં કેટલાક સુધારાઓ પણ સૂચવ્યા છે. જે મુજબ, ચારેય ઝોનલ કમીટીમાં નિવૃત્ત ડિસ્ટ્રીકટ જજની જગ્યાએ નિવૃત્ત હાઈકોર્ટ જજને અધ્યક્ષસ્થાને નિયુકત કરવાના રહેશે. જયારે બાકીના સભ્યો યથાવત રહેશે. રાજય કક્ષાની રિવીઝન કમીટીમાં પણ એકના બદલે બે નિવૃત્ત હાઈકોર્ટ જજની નિમણૂંક કરવાની રહેશે. ફી નિર્ધારણ અંગેની આ નવી કમીટીની રચના એક અઠવાડિયામાં કરવાની રહેશે. વળી, આ કમીટીની રચનાના બે અઠવાડિયામાં હાલમાં રાજય સરકારે લઘુત્તમ રૂ.૧૫ હજાર, રૂ.૨૫ હજાર અને રૂ.૨૭ હજારની જે ફી મર્યાદા નક્કી કરી છે, તેમાં જો કોઈ સુધારો વધારો સૂચવવો હોય તો, સંચાલકો અને વાલીઓએ બે અઠવાડિયાની અંદર આ અંગેની રજૂઆત રાજય સરકારને કરવાની રહેશે. આ રજૂઆત મળ્યા બાદ તે પછીના બે અઠવાડિયામાં રાજય સરકારે નવું ફિક્સેશન જાહેર કરવાનું રહેશે અનએ ત્યારબાદ શાળાઓએ બે અઠવાડિયામાં નવી દરખાસ્ત આપવાની રહેશે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

**સૂર્યોદય - ૭.૨૧ સૂર્યાસ્ત - ૬.૨૮**

## તિથિદર્શન
મહા વદ-૨ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ મહા વદ :બીજ શુક્રવાર નક્ષત્ર:મઘા બપોરે ૧૨.૫૯ પછી પૂર્વ ફાલ્ગુની યોગ : શોભન કરણ :વણીજ આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### અમંત્રક્ષરે નાસ્તિ, નાસ્તિ મૂલમનૌષધમ્ અયોગ્ય પુરૂષો નાસ્તિ, યોજકસીત્ર દુર્લભ:

'એવો એક પણ વર્ણ- અક્ષર નથી જેનામાં 'મંત્ર' બનવાની તાકાત ન હોય, અર્થાત કક્કાના બધા જ અક્ષરમાં દિવ્ય મંત્ર બની શકવાની શક્તિ છૂપાયેલી છે, વનસ્પતિઓમાં એવું કોઈ મૂળિયું (ડાળી- ડાળખાં- પાંદડાં) નથી જેમાં કોઈને કોઈ ઔષધ- દવા બનવાની ક્ષમતા ન હોય, અને એવો કોઈ પુરૂષ વ્યક્તિ નથી જે યોગ્ય- લાયક- વીર- ઉપયોગી કે મહાન ન થઈ શકે અર્થાત બધી જ વ્યક્તિઓમાં કૌશલ્ય- બુદ્ધિ-બળ- ગુપ્ત રીતે પડેલાં જ હોય છે. પરંતુ એનો પારખું- નિષ્ણાંત - સંકલન કરી રાખનાર આ સંસારમાં દુર્લભ છે. વ્યક્તિ પારખું, નિષ્ણાત કે અભ્યાસુ હોય તો કોઈ પણ કાચી (રો- ઈછઉ) બાબતનો પણ સદુપયોગ કરી શકે. 'વેસ્ટમાંથી બેસ્ટ' બને જ છે. વનમાં અનેક પ્રકારની વનસ્પતિ છે ઈશ્વરે કંઈ પણ કોઈ પણ વસ્તુ નકામી નથી બનાવી. મૂળ- પાંદડાં ઝેરી હોય તો પણ તેનો ઉપયોગ આવડે તો કિંમતી ઔષધ બની શકે. દરેક અક્ષરમાં મંત્ર બનવાની તાકાત છે પણ તેમાંથી મંત્ર- શ્લોક બનાવવાની આવડત જોઈએ. દરેક વ્યક્તિમાં કંઈ ને કંઈ આવડત છે પણ તેને બહાર કાઢનાર પારખું જોઈએ.

આ સંસારમાં આવા વિદ્વાન- પારખુ- નિષ્ણાતોની કમી છે તેથી આપણું બુદ્ધિધન વેડફાય છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) યશ, માનમાં ભાગીદાર બનશો. પ્રિયતમથી વિશેષ લગાવ રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.) આર્થિક લાભ મળે. નવિન શુભ સમાચાર મળે.**
**મિથુન : (ક.છ.ઘ.) આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃત્તિ ન રાખવી. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.**
**કર્ક : (ડ.હ.) મનની મૂંઝવણ દૂર થાય. લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય.**
**સિંહ : (મ.ટ.)મહત્વના કાર્યમાં સફળતા મળે. તકનો લાભ ઉઠાવજો.**
**કન્યા : (પ.ઠ.ણ.) આનંદપૂર્ણ દિવસ વિતે, વ્યર્થ ચિંતા દૂર થાય.**
**તુલા : (ર.ત.) કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. અટકેલા નાણાં છૂટા થાય.**
**વૃશ્ચિક : (ન.ય.)ગૃહસ્થી જીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.**
**ધન : (ભ.ફ.ધ.) મનની મુરાદ બર આવે. આર્થિક લાભ મળે.**
**મકર : (ખ.જ.)કાર્યબોજ વિશેષ રહે. વ્યર્થ ક્રોધ રહ્યા કરે. મૂંઝવણમાંથી ઉકેલ મળે.**
**કુંભ : (ગ.શ.સ.) અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્ય સફળતા મળે.**
**મીન : (દ.ચ.જ.થ.) શેર-સટ્ટા અને લોટરીમાં લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

યૌનવિજ્ઞાનના એક મુખ્ય પ્રણેતા ડૉ. હેનરી હેવલોક એલિસનો જન્મદિન છે.

એમનો જન્મ તા.૨-૨-૧૮૫૯ના રોજ ઈંગ્લેન્ડના કોમડન નામના નાના ગામમાં થયો હતો.

જાતીય વિજ્ઞાનને લગતા તેમણે સાત ગ્રંથો પ્રગટ કર્યા. સાહિત્ય અને કલા ઉપર તેમણે ઉત્તમ નિબંધો લખ્યા હતા.

એમનું ઈ.સ.૧૯૩૯માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૦૨.૦૨.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૧૧૧૩ પોઈન્ટ મહત્વની સપાટી....!!!**

**તા. ૦૧.૦૨.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૦૩૩ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૯૬૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૯૦૯ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૧૦૭૩ પોઈન્ટ થી ૧૧૧૦૧ પોઈન્ટ, ૧૧૧૧૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૧૧૧૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૧.૦૨.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૭૧૮૫ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૭૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૨૭૪૦૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૭૦૨૭ પોઈન્ટ થી ૨૬૯૩૦ પોઈન્ટ, ૨૬૯૦૯ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૭૪૦૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**HDFC બેન્ક (૧૯૯૬) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૯૪૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૯૩૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૦૧૨ થી રૂ.૨૦૨૦નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૦૨૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**ACC લીમીટેડ (૧૭૩૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૭૧૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૭૦૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સિમેન્ટ સ્ટોક રૂ.૧૭૫૩ થી રૂ.૧૭૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**રિલાયન્સ ઇન્ફ્રા (૪૯૪) :- રૂ.૪૮૬ નો પ્રથમ તેમજ રૂ.૪૮૦ ના બીજા સપોટ- 'થી ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૫૦૯ થી રૂ.૫૧૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**યસ બેન્ક (૩૬૦) :- બેન્ક સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૭૩ થી રૂ.૩૮૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૩૪૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ONGC લિમિટેડ (૧૯૩) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૮૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક PSU ઓઇલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૨૦૩ થી રૂ.૨૧૨ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**HDFC લિમિટેડ (૧૯૬૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઇનાન્સ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૯૯૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૯૫૩ થી રૂ.૧૯૪૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૦૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઈન્ફોસીસ (૧૧૫૦) :- રૂ.૧૧૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૩૬ થી રૂ.૧૧૨૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**બાયોકોન લિમિટેડ (૬૨૨) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૪૦ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૬૧૩ થી રૂ.૬૦૯ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**એકસિસ બેન્ક (૫૯૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૦૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૮૬ થી રૂ.૫૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૬૧૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**સિપ્લા લિમિટેડ (૫૮૯) :- રૂ.૫૯૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૦૯ ના સ્ટોપલોસે વેચવાલાયક ફાર્મા સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૮૦ થી રૂ.૫૭૬નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૧૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

# વાતમ જુના ગામે મહીલાને સાપે દંખ મારતાં મોત

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના વાતમ જુના ગામે રહેતા મંજુલાબેન ધારશીજી પરમાર આજરોજ ખેતરમાં ખેતી કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક એકા - એક ખેતરમાં ઝેરી સાપે પગના ભાગે દંડખ દેતા મહિલા ઢળી પડી હતી.અને મહિલાનું મોત નિપજ્યું હતું.ઘટનાની જાણ તેના પરિવારજનોને થતાં મૃતક મહિલાને પી.એમ. અર્થે દીઓદર રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી અને પોલીસને જાણ કરતા પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. મૃતક મહિલાને સંતાનમાં ચાર દીકરી અને એક દીકરો છે. જેમણે માતાની છત્રછાયા ગુમાવતા પરિવાર જનોમાં દુઃખની લાગણી જોવા મળી હતી.

# ચામુંડાનગર (કાંટ) પ્રા.શાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી



પ્રતિનિધી કાંટ

૨૬ મી જાન્યુઆરીના રોજ ચામુંડાનગર (કાંટ) પ્રા.શાળાના પટાંગણમાં પરા વિસ્તારની સૌથી વધુ ભણેલી દિકરીના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો. શાળાના મુ.શિ. સફીરમહંમદ એસ.મેમણે મહેમાનોનું સ્વાગત કરી પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું.

ત્યારબાદ શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો સ્વાગતગીત, બાળગીત, બાળનાટકો, બાળરમતો જેવા કાર્યક્રમો રજુ કર્યા હતા. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ બાળકોને ઈનામો આપવામાં આવ્યા હતા. ગામના વાલીઓ હરિજી જેઠાજી મકવાણા, જયંતિજી તલાજી વાઘણિયા, ભીખાભાઈ પુનમાજી સોલંકી, ભવાનજી ગંભીરજી ચૌહાણ, ભરતજી સરદારજી વાઘણિયા, અનુપજી ગલબાજી વાઘણિયા, મેવાણી માસુંગજી મકવાણા, સરૂપજી છગનજી, પબજીજી મણાજી વાઘણિયા, ગ્રામ પંચાયત કચેરી, કાંટ તરફથી પતાસાં, ચોકલેટ, બિસ્કીટ, મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# દીઓદર વાત્સલ્ય કન્સેપ્ટ સ્કુલમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર શહેરમાં આવેલી વાત્સલ્ય કન્સેપ્ટ સ્કુલમાં ૬૯માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ વિવિધ સાંસ્કૃતિક કલાકૃતિઓ રજુ કરવામાં આવી હતી.કાર્યક્રમની શરૂઆતમાં સૌ પ્રથમ ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. ડો.દીપકભાઈ અખાણીએ ધ્વજ ફરકાવી પ્રાસાંગીક પ્રવચન કર્યુ હતું.ત્યારબાદ શાળાના ટ્રસ્ટીશ્રી દર્શનભાઈ ઠક્કરે વક્તવ્ય આપ્યું હતું.

આ પ્રસંગે બહોળી સંખ્યામાં આમંત્રિત મહાનુભાવો તેમજ આગેવાનો,ભાઈ-બહેનો તથા વાલી મિત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આમંત્રિત મહેમાનોનું શાળાના આચાર્યશ્રીએ પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કર્યુ હતું.ત્યારબાદ દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ.કાર્યક્રમની શરૂઆતમાં શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત ગીત,શાળાનું ગીત અમે વાત્સલ્ય કન્સેપ્ટ સ્કુલના છીએ. રજુ કરવામાં આવ્યું હતું.શાળાના દ્ધ.૨. ના વિદ્યાર્થીઓ તેમજ ઈહપ્ર્દ્ધીઙ્કના બાળકોએ દેશ ભક્તિનાં ગીતો રજુ કર્યા હતાં.ત્યારબાદ ધોરણ-૧ થી ૩ના બાળકોએ ગીતા શ્લોક ગાન કર્યુ હતું.વિદ્યાર્થીઓએ વિવિધ કલાકૃતિઓ રજુ કરેલ. આ કાર્યક્રમમાં દીઓદરના પ્રાંત કલેક્ટર એ.ડી.ચૌહાણ તથા મામલતદાર પી.એસ.પંચાલ તથા સી.આર.સી. કો.ઓર્ડીનેટર પિયુષભાઈએ હાજરી આપી હતી.

# પુજ્ય મૌનરૂચીવિજય મ.સા. કાળધર્મ પામ્યા

ડીસા

રાજસ્થાનના શિરોહી નજીક ગઈકાલે મહાવદ - ૧ ના રોજ વિહાર સમયે તબિયત લથડતા પૂજ્ય મૌનરૂચીવિ મ.સા. કાળધર્મ પામતા જૈન સમાજમાં ઘેરા શોકની લાગણી છવાઈ છે. પૂજ્યશ્રીનું સંસારી નામ મુક્તિલાલ ભોગીલાલ વીરવાડીયા હતું. તેઓએ વિક્રમ સંવત ૨૦૫૯ ભીલડીયાજી તીર્થ ખાતે દિક્ષાગ્રહણ કરી હતી. જ્યાં તેમના ગુરૂજી પૂજ્ય.આ.ભ.શ્રી મુનીચંદ્રસુરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂજ્ય મૌનરૂચીવિ મ.સા.તરીકે ઘોષીત થયા હતા. સાંસારીક અવસ્થામાં તેઓએ અનેક પ્રકારની આરાધના કરી હતી. તેઓએ મૃત્યુંજય, ૧૦૮ અઠ્ઠમ, ત્રણ વખત વર્ષી તપ, ૪૦ ઓળી સહિત અનેક અઠ્ઠાઈ ઉપધાન, નવ્વાણું વગેરે કર્યુ હતું. તેઓ પાંચે આચારમાં પાલન કરવામાં તત્પર રહેતા હતા.

# ભાભરજુના પે.કે.શાળા દ્વારા પ્રવાસ યોજાયો




તા પ્રતિ. ભાભર

ભાભરજુના પે.કે.શાળા મારફતે વિદ્યાર્થીઓનો પ્રવાસ યોજાયો હતો. શૈક્ષણિક પ્રવાસમાં ધો ૧ થી ૮ ના ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રવાસની શરૂઆતમાં પીપળીમાં આવેલ બાબા રામદેવપીરના દર્શન કરી પૂનમના પવિત્ર દિવસે ધન્યતા અનુભવી હતી. ત્યારદબાદ નીલકંઠ ધામમાં શૈક્ષણિક પ્રદર્શન, સાયન્સ સીટી, ટ્રેન રાઈડીંગ, સોપીંગ વગેરેમાં ભાગ લઈને ભગવાન સ્વામી નારાયણના દર્શન કરી વિદ્યાર્થીઓએ ભક્તિ સાથે શૈક્ષણિક અનુભવ મેળવ્યો હતો. પ્રવાસનું સુંદર સંકલન શાળાના આચાર્ય પ્રભુભાઈ કે. રામી અને સ્ટાફગણે કર્યુ હતું.

# સંત શિરોમણી રોહીતદાસની જન્મજયંતી ઉજવાઈ




સામાજીક સમરસતા મંચ ધાનેરા દ્વારા સંત શિરોમણી રોહીતદાસની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

# પાંચડા પ્રાથમિક શાળા નું ગૌરવ



પ્રતિનિધિ પાંચડા

પાંચડા પ્રાથમિક શાળામાં ધોરણ - ૫માં અભ્યાસ કરતી જિનલબેન મુકુલભાઈ કટારિયા રાજ્ય પરીક્ષા બોર્ડ ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા લેવાયેલ પ્રાઈમરી સ્કોલરશીપ પરીક્ષા (PSE)માં શ્રેષ્ઠ ગુણ મેળવી મેરિટમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. તેણીએ પાંચડા ગામ તથા શાળા પરિવારનું ગૌરવ વધારેલ છે. પાંચડા શાળાના આચાર્ય નિલેશભાઈ પ્રજાપતિ તથા તમામ સ્ટાફ તથા એસ.એમ.સી. સમિતિ પાંચડા ગ્રામજનોએ આ સિધ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# નરસિંહપુરા પ્રા.શાળા (ખાણોદર જુના) માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી




પ્રતિ. મીઠીપાલડી

દિયોદર તાલુકાના ખાણોદર (જુના) ના નરસિંહપૂરા પ્રા.શાળામાં ૬૯ મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પ્રથમ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ધ્વજવંદન કરી. સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. નાટકો દેશભક્તિગીત, ડાન્સ જેવા પ્રોગામોનું આયોજન કરાયું આ પ્રસંગે શાળાના આચાર્ય તથા શિક્ષક સ્ટાફગણ તેમજ ગામલોકો અને મુખ્ય મહેમાનમાં શાળાના એસ.એમ.સી.ના સભ્ય નરસિંહભાઈ દેસાઈ હાજર રહ્યા હતા.

# ચાંગા મા. અને ઉ.મા. શાળામાં પ્રજાસત્તાક દિવસ ઉજવાયો

પ્રતિનિધિ શિહોરી

૨૬ મી જાન્યુઆરીના રોજ મગનસિંહ (પૂર્વ ધારાસભ્ય કાંકરેજ) ના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. મહેમાનોનું સ્વાગત શાળાના આચાર્ય દયારામભાઈ પંડ્યાએ કર્યુ હતું. આ પ્રસંગે શિલ્ડના આજીવન દાતા તરુણભાઈ ઠક્કરના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં મહેમાનો તરીકે શાળાના મંત્રી જોષી હીરાભાઈ, ડૉ.મુળજીભાઈ જોષી, સુથાર બાબુભાઈ, સરપંચ રામજીભાઈ ઠાકોર, ડેલીગેટ હરદાસભાઈ પટેલ, જોષી શિવશંકર(વકીલ) તથા ગામના તમામ આગેવાનો, ભાઈઓ, બહેનો, માતાઓ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો અને રાષ્ટ્રભક્તિના વક્તવ્યો રજુ કર્યા હતા.

આ પ્રસંગે જોષી શિવશંકર (વકીલ) પ્રાસંગિક વક્તવ્ય તથા બી.એડ.તાલીમાર્થીઓ દ્વારા શાળાને સરસ્વતી માની ટ્રોફી અર્પણ કરી હતી.

# રોકાણકારોની અપેક્ષાથી વિરુદ્ધ વર્ષ ૨૦૧૮/૧૯ નું " કોર્પોરેટ બજેટ"

મિત્રો, તા.૦૧, ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ કેન્દ્રીય નાણા પ્રધાન અરુણ જેટલીએ બજેટમાં અર્થતંત્રના દરેક પાસાને આવરી લેવાનો પ્રયાસ કર્યો છે સરકારે બજેટમાં કૃષિ અને ગ્રામીણ અર્થતંત્રના વિકાસ પર વિશેષ ભાર મૂક્યા બાદ કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલી કંપનીઓના શેર્સમાં અંદાજીત ૧૦ % સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. ગરીબ, નાના તેમજ મધ્યમવર્ગ ને વધુ રાહત આપવા સાથે ગ્રામ્ય અને કૃષિ લક્ષી ધ્યાન વધારી "કોર્પોરેટ બજેટ " રજુ કર્યું.

સામાન્ય પ્રજાલક્ષી ઈન્કમટેક્સના સ્લેબની મર્યાદામાં કોઈ જ ફેરફાર નહી સાથે સાથે સામાન્ય રોકાણકારની મ્યુચલ ફંડની આવક ઉપર અંદાજીત ૧૦% ટેક્સ અને શેરબજારની અપેક્ષાથી વિરુદ્ધ રૂ. ૧ લાખથી વધુના લાભ પર લિસ્ટેડ સિક્યોરિટીઝના વેચાણ પર " લાંબા ગાળાની મૂડી લાભ કર" (ન્ઝય) દ્વારા લાંબા ગાળાના મૂડી લાભોને વર્ષ ૨૦૦૪ માં જે કરમુક્તિ આપવામાં આવી હતી તે ફરીથી શરુ કરવામાં આવી. વર્ષ ૨૦૦૪ ના સમયે સ્ટોક ટ્રેડિંગ પર મૂડી લાભ મેળવવાનો મુક્તિ મેળવવાના હેતુથી મોરિશિયસ જેવા મોટા રોકાણના સ્રોતના સ્થળો સાથે નિયમોનું જોડાણ કરવાનું લક્ષ્ય હતું. નાણા પ્રધાન અરુણ જેટલીએ રૂ. ૧ લાખથી વધુના લાભ પર લિસ્ટેડ સિક્યોરિટીઝના વેચાણ પર લાંબા ગાળાની મૂડી લાભ કર (એલટીસીજી) વિશે ઘણી ચર્ચા કરી ત્યારે આ પગલું શેરબજાર માટે આશ્ચર્યકારક હતું કારણ કે મોટાભાગના રોકાણકારો તેમજ વિશ્લેષકો ૧ વર્ષથી ૨ અથવા ૩ વર્ષમાં 'લોંગ ટર્મ' ની વ્યાખ્યામાં પરિવર્તન લાવી રહ્યા હતા.ઈન્ડેક્સેશનના લાભની પરવાનગી વગર ૧ લાખ રૂપિયાની જોગવાઈ કરતાં ૧૦ % લાંબા ગાળાના મૂડી લાભ કર ને રજૂ કર્યો જો કે ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ સુધી તમામ લાભ ગ્રાન્ડફાયલ્ડ રહેશે અને શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન્સ ૧૫% ની આસપાસ યથાવત્ રહેશે.

ઉદાહરણ તરીકે જો ઈક્વિટી શેર ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ ની સમય મર્યાદાથી ૬ મહિના પહેલાં રૂ.૧૦૦ ના શેર ખરીદવામાં આવે અને ૩૧ જાન્યુઆરીના રોજ તેનો સૌથી વધુ ભાવ અંદાજીત રૂ .૧૨૦ હોય. અને જો તેને વેચાણ તરીકે ૧ વર્ષ પછી વેચવામાં આવે તો વેચાણ પર કોઈ ટેક્સકર આવશે નહી.પરંતુ જો ૩૧ જુલાઈ ૨૦૧૮ પછી આ શેરોને વેચવામાં આવે તો ૩૧ મી જાન્યુઆરી ૨૦૧૮ પછીની કમાણી કરવામાં આવે તો ૨૦ % થી વધુનો કોઈ ફાયદો ૧૦% થશે. લાંબા ગાળા ના આ ટેક્સ ની અપેક્ષિત રજૂઆત હવે નવી અવતાર સાથે આવી છે. કારણ કે તે લાંબા સમયના લાભો પર કરચોરીની મૂળ પ્રતિબદ્ધતાને ઘટાડતા બજેટ સાથે સમયાંતરે વધુ ખરાબ થઈ શકે છે,"

મિત્રો, આ બજેટ ગ્રોથલક્ષી કહી શકાય પરંતુ હાલમાં તેની ગ્રોથ ગતિ ધીમી દેખાશે. નાણાંપ્રધાને અર્થતંત્રના દરેક પાસાંને કવર કર્યા છે અને ખાસ કરીને એફોર્ડેબલ હાઉસિંગને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો આપ્યો છે જેથી રીઆલીટી સેક્ટરને પ્રોત્સાહન મળશે મિત્રો, ડિજિટલ ઈકોનોમીને વેગ આપવા ઘણાં પગલાં લેવાયા છે જેની અસર હવે પછી જોવાશે. ડિજિટલ ક્રાંતિ હવે ખરાં અર્થમાં શરૂ થશે એવો સંકેત આ બજેટ વર્ષ ૨૦૧૭-૧૮ માં સરકારે આપી દીધો છે. નાણાં પ્રધાને ગ્રામ્ય અર્થતંત્રને, કૃષિને, હાઉસિંગને વેગ આપવા કમર કસી હોવાનું જણાય છે. ખાનગી ઈન્વેસ્ટમેન્ટ માટે કોઈ મોટા પગલા નથી પરંતુ નાણાં પ્રધાને સીધું વિદેશી રોકાણ (એફડીઆઈ) વધે એ માટે ઘણી ઉદારતા સતત બતાવી છે. ખેર, મિત્રો, આયોજનબદ્ધ કોર્પોરેટ બજેટની રજૂઆત તો થઇ અને તેનો અમલીકરણ પણ વહેલી તકે શરુ થશે એવી આશા રાખીએ.

- નિખિલ ભટ્ટ

# ધાનેરામાં માજીસા મંદિરમાં હવન યોજાયો

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરા નિવાસી શ્રી મદનલાલ જીવરાજભાઈ શારદા (માહેશ્વરી) ના ધરે મજિસાના મંદિરની ૬ટ્ટી વર્ષ ગાંઠ નિમિત્તે માગશર સુદ ૬ (છટ્ટ) ના રાત્રે જાગરણ અને માગશર સુદ ૭ (સાતમ) ના સવારે માજીસા નો હવન અને બપોરે મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં માહેશ્વરી સમાજના તથા અન્ય ભક્તોએ લાભ લીધો હતો.

# રાજપુર શાળામાં શિક્ષિકા દ્વારા બાળકોને તિથિભોજન આપ્યું




પ્રતિનિધિ રાજપુર

આજના યુગમાં શિક્ષકો તથા શિક્ષિકાઓ દ્વારા શિક્ષણની સાથે સાથે શાળામાં ભણતાં બાળકોને અવાર-નવાર તિથિભોજન આપી સેવાની સરવાણી વહેવડાવે છે. ત્યારે ડીસાની રાજપુર શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા ઈન્દુબેન પટેલ દ્વારા શાળામાં ભણતા ૭૦૦ બાળકોને તિથિભોજન પીરસવામાં આવ્યું હતું. બાળકોએ પંજાબી વાનગીનો આનંદ માણ્યો હતો. શાળા પરિવારે આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. શાળાના આચાર્ય શ્રવણભાઈ અનાવાડીયા તથા પત્રકાર જમીલ મેમણે દાતા પરિવારનો આભાર વ્યક્ત કરી તેમની ઉમદા સેવાને બિરદાવી હતી.

# બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ

પાલનપુર

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજિત રાજ્યકક્ષા બાળ પ્રતિભા ઓધ સ્પર્ધા, તા.૨૬- ૨૭- જાન્યુઆરી - ૨૦૧૮ એમ બે દિવસ ચ.મો.વિદ્યાલય, મુ.પાલીતાણા જિ.ભાવનગર ખાતે યોજાઈ હતી. જેમાં શ્રીમતી હેતીબેન ૨.ક.કાથરોટીયા પ્રાથમિક શાળા, પાલનપુરના બાળકોએ કુલ દસ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ. જેમાં વક્તૃત્વ - વિભાગ - અ માં પ્રથમ, લગ્ન ગીત, વિભાગ - બમાં તથા સર્જનાત્મક કારીગરી વિભાગ - બમાં તૃતીય વિજેતા બની શાળાનું તેમજ જિલ્લાનું ગૌરવ વધારેલ છે. શાળાના આચાર્યા મીનાબેન બી.દવેએ વિજેતા બાળકો તથા માર્ગદર્શક શિક્ષકોને બિરદાવ્યા હતા.

## જીએસટીથી ધારી સફળતા ન મળતાં મધ્યમ વર્ગને નુકશાન



આ બજેટમાં સરકારે રૂરલ ઈકોનોમી અને હેલ્થકેર પર ભાર મુક્યો છે.પરંતુ શેરબજારના રોકાણકારો અને મધ્યમવર્ગીય ધંધાધારી કે નોકરિયાત વર્ગને કોઈ ફાયદો થયેલ નથી.મારા મતે બજેટને ૧૦ માંથી ૫ મત સરકાર ધારત તો મધ્યમ વર્ગને ફાયદો આપી શકત પરંતુ GST ની ધારી સફળતા ના મળતા સરકારે મધ્યમ વર્ગને કરવેરાનો ફાયદો ના આપ્યો. CA. અંકિત કાનુડાવાલાકાનુડાવાલા એન્ડ એસોસિએટ્સ ડીસા.

# બાલુંત્રીથી ટોભા - આકોલી સુધી રોડ ઉપર ગાંડા બાવળોનું સામ્રાજ્ય

ડીસા

રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) તેમજ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા દર વર્ષે પાકા - કાચા રસ્તાઓની બન્ને બાજુ આવેલ ઝાડી કાપવા માટે લાખ્ખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે કારણ કે આવી ઝાડીના કારણે રસ્તાઓ વાહન ચાલકોને દેખાતા નથી અને પરિણામે અકસ્માતો થાય છે તેમ છતાં વાવ - થરાદ વિસ્તારમાં આવી કોઈ કાર્યવાહી સરકારી વિભાગ દ્વારા કરવામાં આવતી જ નથી અને જો કરવામાં આવતી પણ હશે તો તે માત્ર અને માત્ર કાગળ ઉપર કાર્યવાહી કરી લાખ્ખો રૂપિયાની ગ્રાન્ટ ચાઉં થઈ જતી હોવાનું જાણવા મળે છે કારણ કે સ્થળ ઉપર ક્યાંય આવી ઝાડીઓ કાપવામાં આવી નથી. અને પરિણામે આજે પણ રસ્તાઓની બન્ને સાઈડે મોટી મોટી ઝાડીઓ થઈ જવા પામી છે.

વાવ - સુઈગામ તાલુકામાં તો અંતરિયાળ રસ્તાઓની બંને સાઈડે ગાંડા બાવળોનું સામ્રાજ્ય જામી ગયું હોય તેવું વર્તમાન સમયે દેખાઈ રહ્યું છે જેના કારણે અનેક અકસ્માતો પણ થયાં છે અને તેમાં ખાસ કરીને ઢીમાથી ટડાવ જતા રસ્તા ઉપર, ઢીમાથી ભોરોલ જતા રસ્તા ઉપર તેમજ ટડાવથી બાલુંત્રીના રસ્તા ઉપર તેમજ બાલુંત્રીથી ટોભા- આકોલીના રસ્તા ઉપર આવા ગાંડા બાવળોનું સામ્રાજ્ય છવાઈ ગયું છે અને છેલ્લા કેટલાય વર્ષોથી આવા ગાંડા બાવળોની ઝાડી કટીંગનું કામ જે તે વિભાગ દ્વારા કરવામાં આવ્યું જ નથી જેના કારણે રસ્તા ઉપર આવતાં - જતાં વાહનોને સામેથી આવતાં વાહનો દેખાતાં નથી અને પરિણામે અકસ્માતો થઈ રહ્યાં છે અને મહામુલી માનવ જિંદગીઓ વેડફાઈ રહી છે ત્યારે સરકારી તંત્રના ઉચ્ચ અધિકારીઓએ તાત્કાલિક ધોરણે બાલુંત્રીથી ટોભા - આકોલી સુધી રસ્તાની સાઈડની ઝાડી કટીંગનું કામ કરાવવું જરુરી બને છે તેમજ બાલુંત્રીથી ટડાવ સુધીના રસ્તાની બન્ને સાઈડે પણ અમુક અમુક જગ્યાએ બાવળની ઝાડીઓના કારણે રસ્તાઓ ન દેખાતાં હોઈ કોઈ મોટો અકસ્માત થાય તે પહેલાં આવી તમામ ઝાડીઓનું કટીંગ કરાવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

**ફરજીયાત આધારકાર્ડનો વિરોધ**

# પાલનપુરના વાસણ(ધા)ના ગ્રામજનોની કલેક્ટરને રજૂઆત


સંજય જોષી

પાલનપુર

સરકાર દ્વારા વિવિધ ચિજવસ્તુ ઓની ખરીદીમાં આધારકાર્ડ ફરજીયાત બનાવવામાં આવી રહ્યું છે. જોકે, ૩૧ માર્ચ સુધી ફરજીયાત ન હોવા અંગે હાઈકોર્ટે ચૂકાદો આપ્યો છે. ત્યારે આધારકાર્ડ ફરજીયાત બનાવવાના વિરોધમાં પાલનપુર તાલુકાના વાસણ (ધા)ના ગ્રામજનોએ ગુરૂવારે જિલ્લા કલેકટરને રજૂઆત કરી હતી.

પાલનપુરના વાસણ (ધા)ના ગ્રામજનોએ ગુરૂવારે જિલ્લા કલેકટર દિલીપ રાણાને લેખિત રજૂઆત કરી હતી. જેમાં જણાવાયું હતુ કે, જિલ્લામાં તમામ વિભાગો અને ખાતાઓના અધિકારીઓ દ્વારા જેતે સરકારી લાભો મેળવવા માટે તેમજ સેવાઓ ચાલુ રાખવા માટે આધારકાર્ડની ફરજીયાતપણે માંગણી કરવામાં આવે છે. જ્યારે સુપ્રિમકોર્ટના નિર્દેશાનુસાર તા. ૩૧ માર્ચ સુધી કોઈપણ જગ્યાએ આધારકાર્ડ ફરજીયાત માંગી શકાય નહી. તેમજ આધારકાર્ડ વગર કોઈપણ નાગરિકને સહાયથી વંચિત રાખી શકાય નહી અને સેવાઓ પણ બંધ કરી શકાય નહી. આધારકાર્ડએ નાગરિકનો મુળભૂત અધિકાર અને રાઈટ ટુ પ્રાઈવસી અને રાઈટ ટુ ફ્રિડમનો ભંગ કરે છે. જેને કોઈપણ સંજોગોમાં ફરજીયાત ન બનાવી શકાય તો આ અંગે ઉચ્ચ કક્ષાએ ઘટતી કાર્યવાહી કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.

# અંબાજીમાં સરકારી જમીન ગેરકાયદેસર રીતે વેચાણ કરી ઠગાઈ કરનાર સામે પોલીસ ફરીયાદ

પ્રતિનિધિ અંબાજી

યાત્રાધામ અંબાજી નજીક આવેલ કુંભારીયા તા.દાંતાના સ.નં.૧૯૧/૧ પૈકીની તથા સ.નં.૧૨૯ અ પૈકી ૧, સ.નં.૧૧૭ પૈકીની તથા મોજે. કોટેશ્વર તા.દાંતાના સ.નં. ૬૨ પૈકીની જમીનો રેકર્ડ ઉપર હાલે શ્રી સરકાર સદરે ચાલે છે તે જમીનમાં અમુક ઈસમોએ બિન પરવાનગી દબાણ કરી દુકાનો તથા રહેઠાંક મકાનો બનાવવામાં આવેલ હોવા બાબતની રજુઆતો અંગે કલેકટરશ્રીના માર્ગદર્શન અનુસાર ટીમ બનાવી તપાસ હાથ ધરવામાં આવી. જે તપાસમાં જણાયેલ હકીકતોને ધ્યાને લઈ સરકારી ખુલ્લી જમીનો પરના આવા દબાણદારો પાસેથી જાણવા મળેલ વિગતો મુજબ કેટલાંક અસામાજિક વ્યક્તિઓ દ્વારા સ્ટેમ્પ પેપર ઉપર, કાગળ ઉપર કે અન્ય રીતે સરકારી જમીનના વેચાણ વ્યવહાર કરતાં હોવાનું અને ગંભીર ગુનાહિત કૃત્ય કરતાં હોવાનું ધ્યાને આવેલ.

જેથી આવી શ્રી સરકારની માલિકીની જમીનમાં ગેરકાયદેસર રીતે અપપ્રવેશ કરી બિન પરવાનગીએ ગેરકાયદેસર રીતે દબાણ કરી અનઅધિકૃત બાંધકામ કરી શ્રી સરકાર જમીન સંબંધે અપપ્રમાણીકપણે કપટપૂર્વક ખોટા વેચાણ દસ્તાવેજ ઉભા કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી શ્રી સરકારની જમીનને ગેરકાયદેસર રીતે વેચાણ કરીને શ્રી સરકારને નુકશાન, ઠગાઈ તથા છેતરપીડી કરી ગુન્હો તથા મદદગારી કરતાં ઈસમો સામે અંબાજી પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજી.નં. ૧૦/૨૦૧૮ થી ૨૧/૨૦૧૮ સુધી કુલ-૧૨ (બાર) પોલીસ ફરીયાદો તા.૩૧/૧/૨૦૧૮ના રોજ સરકાર પક્ષે મામલતદારશ્રી દાંતાએ દાખલ કરી આવા ગુનાહિત તત્વોને નશ્યત કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

**ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

# બનાસ મેડિકલ કોલેજ દ્વારા બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં રોગ નિદાન કેમ્પ યોજીને ૨૯૮૭ દર્દીઓની તપાસ કરાઈ



પાલનપુર

ગુજરાત રાજ્યમાં તાજેતરમાં નવીન આરોગ્ય નીતિ અંતર્ગત રાજ્યમાં સાત નવી મેડિકલ કોલેજની મંજૂરી આપવામાં આવી છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં મુખ્ય મથક પાલનપુર ખાતે પણ મેડિકલ કોલેજને મંજૂરી અપાઈ છે. ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં હાઈ બીપી, ડાયાબીટીસ, જાડાપણું અને એનીમિયા જેવા રોગોનું નિદાન કરવા માટે વિવિધ જગ્યાએ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શનથી બનાસ ડેરીના આદ્યસ્થાપક ગલબાભાઈ નાનજીભાઈ પટેલની જન્મ શતાબ્દી અવસરે બનાસકાંઠા જિલ્લામાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે જેમાં નવેમ્બર ૨૦૧૭થી અત્યાર સુધીમાં કુલ ૪૫ ગામોમાં રોગ નિદાન કેમ્પ યોજીને ૨૯૮૭ દર્દીઓની તપાસ કરીને યોગ્ય સારવાર કરવામાં આવેલ છે અને ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજ દ્વારા અવિરતપણે ગ્રામ્ય વિસ્તારોમાં રોગ નિદાન કેમ્પનું આયોજન થઈ રહ્યું છે.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર આદર્શ વિદ્યાસંકુલમાં સન્માન સમારોહ યોજાયો

પાલનપુર

શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ પાલનપુર સંચાલિત 'આદર્શ વિદ્યાસંકુલમાં' તા. ૨૭/૧/૨૦૧૮ ના રોજ નવનિયુક્ત ધારાસભ્યોનો સન્માન સમારોહ કેન્દ્રીય મંત્રી હરિભાઈ પી.ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયો. જેમાં થરાદના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના સિંચાઈ, પાણી-પુરવઠા મંત્રી પરબતભાઈ પટેલ અને ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલ તથા દિયોદરના ધારાસભ્ય શિવાભાઈ ભૂરિયા વગેરેને સમાજરત્ન તરીકે સન્માનવામાં આવ્યા. સમારોહમાં સંસ્થાના પ્રમુખ કેશરભાઈ વી.ભટોળે સ્વાગત પ્રવચન કર્યું હતું. જેમાં તેઓએ સંસ્થાની શૈક્ષણિક વિકાસયાત્રાના નવા વિઝનની વાત મુકી હતી. ગુણવત્તાયુક્ત શિક્ષણ અને યુપીએસસીના તાલીમવર્ગો શરૂ કરી વિવિધ વિકાસાત્મક તથા રચનાત્મક અભિગમ દ્વારા આદર્શ વિદ્યાસંકુલને જિલ્લાની 'નંબર વન' સંસ્થા બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. તેઓએ નવનિયુક્ત ધારાસભ્યોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. ધારાસભ્યો, મંત્રી તથા કેન્દ્રીય મંત્રીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

જેમાં સમાજને સંગઠિત થઈ શિક્ષણક્ષેત્રે આગળ વધવાની બાબત પર ભાર મુક્યો હતો. સંસ્થાના પૂર્વ પ્રમુખો પચાણભાઈ કે.પટેલ, પરથીભાઈ જી.ભટોળે પણ અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાના પ્રમુખ વિરજીભાઈ જુડાળ પણ ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ જિ.પં.પ્રમુખ દલસંગભાઈ પટેલ, સમાજના વિવિધ ઝલાના પ્રમુખ મંત્રીઓ, સંસ્થાના કારોબારી સભ્યો, સમાજના પ્રતિષ્ઠિત આગેવાનો, યુવાન ભાઈઓ- બહેનો વગેરેએ વિશાળ સંખ્યામાં હાજર આપી હતી. સંસ્થાના મહામંત્રી ફલજીભાઈ પટેલે આભારવિધિ કરી હતી. સંસ્થાના પ્રમુખ કે.વી.ભટોળ તથા મહામંત્રી ફલજીભાઈ પટેલના માર્ગદર્શનમાં સમગ્ર કારોબારી તથા વહીવટી સ્ટાફે ખુબ જ જહેમત ઉઠાવી સમારોહને સફળ બનાવ્યો હતો.

# પાલનપુર કોલેજમાં પાર્કિંગ સુવિધા મુદ્દે આવેદનપત્ર


સંજય જોષી

પાલનપુર

પાલનપુરમાં હાઈવે ઉપર આવેલ બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળ (જી.ડી.મોદી વિદ્યાસંકુલ) માં આવેલ વિવિધ કોલેજોમાં ગામડાના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે વિદ્યાર્થીઓ પોતાની સવલત મુજબ બસ કે બાઈકનો ઉપયોગ કરે છે. પરંતુ વિદ્યાસંકુલમાં આવેલ પાર્કિંગ એરીયામાં વિદ્યાર્થીઓને તેમના વાહન અને હેલ્મેટ લાયસન્સ વગર મુકવા દેવામાં આવતા નથી. જેથી વિદ્યાર્થીઓને પોતાના વાહન નાછૂટકે વિદ્યાસંકુલ બહાર સર્વિસ રોડ ઉપર પાર્ક કરવા પડે છે. જેથી ટ્રાફિક સમસ્યા સર્જાવા સાથે વિદ્યાર્થીઓના વાહનો અને હેલ્મેટની ચોરી થાય છે. જેથી વિદ્યાર્થીઓ ભારે હાલાકી ભોગવે છે જેને ગંભીરતાથી લઈ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરોએ કેમ્પસ ડિરેક્ટરને આવેદનપત્ર પાઠવી વિદ્યાર્થીઓને વાહનોના પાર્કિંગની પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવાની ઉગ્ર માંગ કરી હતી. તેમ છતાં વિદ્યાર્થીઓના હિતમાં આઠ દિવસમાં યોગ્ય નિર્ણય નહીં લેવાય તો ઉગ્ર આંદોલન છેડવાની ચિમકી ઉચ્ચારી હતી.

# વડગામના વૃંદાવન ફાર્મ હાઉસમાં ખેડૂત સભા યોજાઈ


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર વડગામ દ્વારા ગતરોજ વૃંદાવન ફાર્માસિસ્ટ ઉપર આદર્શ પ્રગતિશીલ ખેડૂત ભિખાજી કે.સોલંકીની અધ્યક્ષતામાં રવીપાક નિદર્શન સભા યોજાઈ હતી. જેમાં જી.એસ.એફ.સી. ડેપો ઈન્ચાર્જ એમ.એફ. ચૌધરી દાંતા જી.એસ.એફ.સી. ડેપો ઈન્ચાર્જ બી.એલ.જાખર તા.વિસ્તારક અધિકારી જે.એ.ઠાકોરે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું.

# થરા ખાતે રઘુવંશી લોહાણા સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાશે

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં થરા નગર અને તાણા ગામમાં વસતા અને આ બંને નગરમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરી ઉંચી ટકાવારી પ્રાપ્ત કરનાર ગત વર્ષના રઘુવંશી લોહાણા સમાજના ધો.૩ થી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓનું સન્માન દર વર્ષની જેમ ચાલુ વર્ષે શ્રી રઘુવંશી શિક્ષણનિધિ દ્વારા ટુંક સમયમાં વિશેષ મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવનાર હોવાનું શ્રી રઘુવંશી શિક્ષણનિધિના અધ્યક્ષ આચાર્ય નિરંજનભાઈ ઠક્કરે જણાવ્યું હતું. તેજસ્વી તારલાઓ અને તેમના વાલીએ થરા ખાતે તેમની માર્કસીટની ઝેરોક્ષ નકલો દ્વારા તા.૬/૨/૧૮ સુધીમાં પહોંચાડી દેવા જણાવાયું છે.

# ડીસા ખાતે ઈ-વે બીલ વિશે માર્ગદર્શન સેમિનાર યોજાયો

ડીસા

ધી ડીસા ટેક્ષબાર એસોસીએશન તથા ગ્રેઈન એન્ડ સીડ્સ મરચન્ટ એસોસીએશન, ડીસા તેમજ ટ્રાન્સપોર્ટ એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ. સેમીનારમાં વક્તા કુંતનભાઈ એ.પરીખ દ્વારા ઈ વે બીલ વિષય ઉપર સુંદર અને જ્ઞાનસભર વક્તવ્ય આપવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વકીલો હાજર રહેલ હતા અને ઈ વે બીલનું માર્ગદર્શન વેપારી મિત્રો માટે પણ અગત્યનું હોઈ ગ્રેઈન એન્ડ સીડ્સ મરચન્ટ એસોસીએશન તેમજ ડીસા શહેરના જુદા જુદા તમામ વેપારી એસોસીએશનના મિત્રો તેમજ એકાઉન્ટન્ટ મિત્રો પણ મોટી સંખ્યામાં હાજર રહી આ સેમીનાર દ્વારા ઈ- વે બીલને લગતી માહિતીના જ્ઞાનનો લાભ લીધો હતો. તેમજ ટ્રાન્સપોર્ટ એસોસીએશનના તમામ સભ્યોએ મોટી સંખ્યામાં હાજર રહી ઈ- વે બીલ અંગેની પોતાની જવાબદારીની સમજ લઈ ઈ-વે બીલ કેવી રીતે જનરેટ કરવું તેનું માર્ગદર્શન પાવર પ્રેઝન્ટેશન દ્વારા મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ જયેશભાઈ ઠક્કર તથા સેક્રેટરી સચનીભાઈ ઠક્કરે ખુબ જ મહેનત અને પરિશ્રમ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડીસાના સીનીયર સભ્ય શાંતિલાલ સી.ઠક્કર (એડવોકેટ) તેમજ વિક્રમભાઈ ડી.ઠક્કર (એડવોકેટ) દ્વારા કરવામાં આવ્યું હતું.

# પાલનપુર રેલવે ટ્રેનની અડફેટે અજાણી સ્ત્રીનું મોત

પાલનપુર

પાલનપુર રેલવે સ્ટેશનની હદમાં રેલવે ટ્રેનની અડફેટે અજાણી સ્ત્રીનું મોત નિપજયું હતું.

પાલનપુર રેલવે સ્ટેશનની હદમાં રેલવે ટ્રેનની અડફેટે ૪૫ વર્ષીય અજાણી સ્ત્રીનું મોત નિપજયું હતું. પાલનપુર રેલવે પોલીસે અજાણી સ્ત્રીના મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલ હોસ્પીટલમાં ખસેડી અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બાલારામ સધનક્ષેત્રની હાઈસ્કૂલનો સૌરાષ્ટ્રનો શૈક્ષણિક પ્રવાસ

પાલનપુર

શ્રી બાલારામ સધનક્ષેત્ર, ચિત્રાસણી સંચાલિત સી.જે.કોઠારી ઉચ્ચતર માધ્યમિક શાળાનો સૌરાષ્ટ્રનો નવા રણુંજા, દ્વારકા બેટ દ્વારકા, હરસિધ્ધિ, સોમનાથ, ભાલકા, તીર્થ, ત્રિવેણી સંગમ, ઉપરકોટ, ભવનાથ તળેટી, જૂનાગઢ તથા વિરપુરનો ત્રિદિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો.

# શ્રી અમીરગઢ પગાર કેન્દ્ર શાળા-૧ ના બાળકોએ પ્રાચીન વાવની મુલાકાત લીધી


વિશાલ નાઈ

પ્રતિ. અમીરગઢ

તા.૨૪/૧/૨૦૧૮ ના રોજ શ્રી અમીરગઢ પગાર કેન્દ્ર શાળા-૧ ના બાળકોએ મીર મુરાદભાઈ ઈન્ચાર્જ આચાર્યની પ્રેરણાથી અને ધો.૭ ના વર્ગ-શિક્ષક દૂધાભાઈ એન. પરમાર અને રાઠોડ ધમેન્દ્રસિંહના આયોજન હેઠળ જૂની રોહ (અમીરગઢ) પ્રાચીન વાવની મુલાકાત લીધી હતી. બાળકો વાવ જોઈને ભાવ વિભોર બન્યા હતા. આ વાવ સતયુગની વખતની વાવ બંધાવવામાં આવી હતી. અત્યારે આ વાવમાં પાણી છે. વાવની બાજુમાં નર્સરી આવેલી છે. આ વાવમાં પુરાતન ખાતા દ્વારા રસલે તો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ પામે તેમ છે. અને જૂની રોહ તથા અમીરગઢનું નામ આપણા રાજ્યામાં મોખરે રહે તેમ છે.


**બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,**
બનાસડેરી, પો.બો નં.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧
ફોન નં. (૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫
ફેક્સઃ (૦૨૭૪૨) ૨૫૨૭૨૩
દૂધ-પરી/ ૬૨૪૪ તા. ૩૧/૦૧/૧૮

**ઈજારો આપવાનો છે. (રી-ટેન્ડર)**

તા. ૦૧/૦૩/૧૮ થી તા. ૩૧/૦૩/૧૯ સુધી દૂધ પરિવહન કેન, બલ્ક અને દાણ માટે ઈજારો આપવાનો છે. વાહનના સાધનિક કાગળો દૂધ પ્રાપ્તિ વિભાગમાં બતાવ્યા બાદ ટેન્ડર ફોર્મ ફી રૂા. ૫૦૦/- ભર્યેથી ટેન્ડરો તા. ૦૨/૦૨/૧૮ થી તા. ૦૭/૦૨/૧૮ ના ૧૨.૩૦ કલાક સુધી સંઘની ઓફિસેથી કામકાજના દિવસોએ મળી શકશે. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ રૂા. ૧૦,૦૦૦/- માટે ડ્રાફ્ટ હિસાબી શાખામાં રજુ કરી, તેની ટેન્ડર દીઠ અલગ અલગ પાવતી મેળવી સીલબંધ કવર સાથે ટેન્ડરો તા. ૦૭/૦૨/૧૮ ના રોજ ૧૩-૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. આવેલ ટેન્ડરો તેજ તારીખે ૧૫-૦૦ કલાકે હાજર ઈજારદારોની રૂબરૂ ખોલવામાં આવશે. ૨૦૦૫ અને તે પછીના મોડેલના દૂધ પરિવહન વાહનો

(૧) દૂધ પરિવહન કેન રૂટ નં.૩,૬,૧૧,૧૩,૧૪,૫૨,૫૪,૫૭

(૨) બલ્ક મિલ્ક ચિલીંગ ટેન્કર રૂટ નં.૧૩૬, ૧૪૫, ૧૫૧, ૧૫૭, ૧૫૯, ૧૬૪, ૧૬૫, ૧૬૮/૧૬૯, ૧૭૮/૧૭૯, ૧૮૮/૧૮૯, ૧૯૦/૧૯૧, ૧૯૬/૧૯૭, ૧૯૮/૧૯૯, ૨૦૨/૨૦૩, ૨૧૪/૨૧૫, ૨૧૮/૨૧૯, ૨૨૬, ૨૪૫, ૨૮૫, ૨૮૭

(૩) એ ટુ મીલ્ક માટે ઈન્સ્યુલેટડવાન-૨ (૧) રાધનપુર ચિલીંગ સેન્ટરથી બનાસડેરી-૧, (૨) થરાદ ચિલીંગ સેન્ટરથી બનાસડેરી-૧

(૪) બલ્ક મિલ્ક ચિલીંગ યુનીટ ધરાવતી મંડળીઓને દાણ અને અન્ય માલસામાન પહોંચાડવા માટે રૂટ નં. ૭૧૧,૭૨૪,૭૩૨, અને ૭૩૬

ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર

નોંધ :-

૧.ટેન્ડર ફોર્મમાં જણાવેલ શરતોને આધિન કોન્ટ્રાક્ટ આપવામાં આવશે. ૨. નવીન વાહન ખરીદી ઈજારામાં મુકવા રસ ધરાવનાર પાર્ટી અર્નેસ્ટમની રકમ રૂા. ૧૫,૦૦૦/- ભરી ટેન્ડર ભરી શકશે. જે ટેન્ડર મંજૂર થયેથી દીન-૭ માં વાહનના સાધનિક કાગળો બતાવી એગ્રીમેન્ટ કરી જવાનું રહેશે. ચૂક કરનારનો ઈજારો રદ કરી અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે.


# બનાસકાંઠા જિલ્લાની તમામ કોર્ટોમાં તા.૧૦ ફેબ્રુઆરીના રોજ લોક અદાલત યોજાશે

**સમાધાન પાત્ર કેસોના સમાધાન માટે મેગા નેશનલ લોક અદાલતનું આયોજન**

પાલનપુર

તા.૧૦/૦૨/૨૦૧૮ના રોજ રાષ્ટ્રીટય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ પાલનપુર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ, પાલનપુરના ઉપક્રમે પાલનપુરની કોર્ટોમાં તથા બનાસકાંઠા જિલ્લાની તમામ તાલુકા કોર્ટોમાં સને-૨૦૧૮ની પ્રથમ મેગા નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં સમાધાન ફોજદારી કેસો, નેગોશીયેબલ એક્ટને લગતા કેસો, બેંકને લગતા દાવા, મોટર એક્સીડન્ટના વળતરના દાવા, લગ્ન જીવનની તકરારને લગતા કેસો, મજદુર તકરારને લગતા કેસો, જમીન સંપાદનને લગતા કેસો, પાણી તેમજ વીજળીને લગતા કેસો, મહેસૂલી દાવા અને દીવાની તકરારના દાવા સમાધાન માટે મૂકી શકાય છે. જે કોઈપણ ભાઈ-બહેનો તેમના સમાધાન પાત્ર કેસો સમાધાન માટે મુકવા માંગતા હોય, તેઓએ જાતે અથવા તેમના એડવોકેટ મારફતે તેમના કેસોની વિગત સહીત સુપ્રિન્ટેન્ડેટ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જોરાવર પેલેસ, ન્યાય સંકુલના ભોયરામાં, પાલનપુર, ટે.નં.૦૨૭૪૨-૨૬૧૪૯૫ ના સરનામે સંપર્ક કરવો તથા તાલુકાના કોર્ટના કેસો માટે જે તે તાલુકા કાનૂની સેવા સમિતિની ઓફીસનો સંપર્ક કરવા બનાસકાંઠા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવશ્રીએ જણાવ્યું છે.

# પાલનપુરમાં મહાસુદ પુનમ નિમિત્તે હરસિધ્ધ માતાના મંદિરે હવન યોજાયો


સંજય જોષી

પાલનપુર

પાલનપુરમાં દિલ્હીગેટ તપોધન બ્રાહ્મણ વાસમા આવેલા હરસિધ્ધ માતાના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે મહાસુદ- પુનમ નિમિત્તે હવન- આહુતિનો ધાર્મિક ઉજવણી રાખેલ હતી. પરંતુ પુનમના દિવસે ગ્રહણ હોવાથી બીજા દિવસે આ મંદિરમાં તપોધન બ્રાહ્મણો દ્વારા હવનનું આયોજન કરાયું હતું. જેમાં આહુતિ આપવા માટે આ સમાજના દંપતીઓએ ભાગ લીધો હતો. તેમના તરફથી પ્રસાદરૂપે ભોજનનું પણ આયોજન કરવામાં આવેલું. આ ધાર્મિક કાર્યક્રમમાં દેવેન્દ્ર રાવલ, હિતેન્દ્ર રાવલ, કલ્પેશ રાવલ, મુકેશ રાવલ, ચેતન રાવલ, નટુભાઈ રાવલ, વિનુભાઈ રાવલ જેવા અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.


**બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,**
બનાસડેરી, પો.બો નં.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧
ફોન નં. (૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫

**દૂધ પરિવહન ઈજારો આપવાનો છે**

અંદર અને બહારથી સ્ટેનલેસ સ્ટીલવાળા ઈન્સ્યુલેટેડ કરેલ તેમજ સરકારશ્રીના નિયમો પ્રમાણેની કેપેસીટી મુજબના ટાંકા વાળા, સને ૨૦૧૦ અને તે પછીના મોડેલના દૂધના ટેન્કરો માટે ઈસમોને ખબર આપવામાં આવે છે કે, તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધીના સમયગાળા માટે નીચે મુજબની કામગીરી માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે.

(અ) પલવલ રેલ્વે સ્ટેશન (હરીયાણા) કે અન્ય જગ્યાએથી ફરીદાબાદ પ્લાન્ટ કે અન્ય સ્થળો ખાતેના દૂધ પેકિંગ યુનીટ/પ્લાન્ટ સુધી દૂધ પરિવહન કરવાની કામગીરી.

(બ) બનાસડેરી, પાલનપુરથી પાલનપુર રેલ્વે સ્ટેશન કે અન્ય જગ્યાએ દૂધ પરિવહન કરવાની તથા અન્ય કામગીરી.

ઉપરોક્ત કામગીરીના ટેન્ડરો રૂા. ૫૦૦/- (નોન રીફંડેબલ) જમા કરાવી, વાહનના સાધનિક કાગળો વહીવટ વિભાગમાં બતાવેથી, ટેન્ડર ફોર્મ અને તેની શરતો સહિત જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૧૨-૦૨-૨૦૧૮ ના ૧૩-૦૦ કલાક સુધી (રજાના દિવસો સિવાય) મળી શકશે. ટેન્ડર અર્નેસ્ટમની રૂા.૨૫૦૦૦/- (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) ટેન્ડર દીઠ બેન્કર્સ ચેક અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જમા કરાવી, તેની રસીદ સાથે બંધ કવરમાં તા.૧૨-૦૨-૨૦૧૮ ના ૧૩-૩૦ કલાક સુધીમાં વહીવટ વિભાગમાં રજુ કરવાના રહેશે. મળેલ ટેન્ડર તે જ દિવસે ૧૫-૩૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર સંઘના ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટરશ્રીને અબાધિત રહેશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર

# હું ખિલજીનું પાત્ર ભજવવા નહોતો ઈચ્છતો : રણવીર સિંહ



વિરોધ પ્રદર્શનો વચ્ચે પણ આખરે પદ્માવત રિલિઝ થઈ ગઈ છે અને આ ફિલ્મને દર્શકોનો સારે પ્રિસાદ મળી રહ્યો છે. જે મુદ્દે વિવાદ થયો હતો તેના પર રાણી પદ્માવતી કરતાં વધારે ભયભીત ખિલજી હતો. ખિલજી જેવું પાત્ર જેણે દર્શકો અને ક્રિટિક્સના મનમાનસ પર અમીટ છાપ છોડી છે તેવામાં આવું પાત્ર ભજવવાનું રિસ્ક ભાગ્યે જ કોઈ એક્ટર લે. ખિલજીની ભુમિકા ભજવનાર રણવીરે સ્વીકાર્યું હતું કે તે અલાઉદ્દીન ખિલજીનું પાત્ર કરવાના મૂડમાં ન હતો.

રણવીરે જણાવ્યું હતું કે તે ખિલજીનું પાત્ર ભજવવા ઈચ્છતો ન હતો. રણવીરે જણાવ્યું કે જ્યારે તેણે પોતાના સંબંધીઓને આ પાત્ર અંગે જણાવ્યું

અનુસંધાન પાના નં.૬ ઉપર

## સ્ટાર પરિણિતી ચોપડા હવે આઈટમ નંબર કરવા તૈયાર



**નવી ફિલ્મ**

કેરિયરની શરૂઆતમાં આઈટમ નંબર કરવા માટેનો સાફ ઈન્કાર કરીને તમામ નિર્માતા નિર્દેશકોને ચોંકાવી દેનાર પરિણિતી ચોપડા હવે આઈટમ નંબર કરવા માટે તૈયાર થઈ છે. જો કે તેને આ પ્રકારના રોલની ઓફર કરવામાં આવી રહી નથી. તેની પાસે સારી ફિલ્મો આવી રહી છે. અજય દેવગનની સાથે ગોલમાલ સિરિઝની સફળ ફિલ્મમાં કામ કર્યા બાદ પરિણિતી હવે અર્જુન કપુરની સાથે સંદીપ ઔર પિન્કી ફરાર નામની ફિલ્મમાં કામ કરી રહી છે. આ ફિલ્મ ત્રીજી ઓગષ્ટના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ ઉપરાંત તે અક્ષય કુમારની સાથે કેસરી ફિલ્મમાં કામ કરી રહી છે. આ ફિલ્મ ૨૧મી માર્ચ ૨૦૧૯ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. તે આઈટમ સોંગ કરવા હવે ઈચ્છુક છે. તે પોતે આ અંગેની વાત કરી રહી છે. તે વધારે સેક્સી ફિગર મેળવી ચુકી છે. જેથી તે હવે આઈટમ નંબર કરવા ઉત્સુક બની છે. બીજી બાજુ તે સ્પર્ધામાં ટકી રહેવા માંગે છે. છેલ્લે રોહિત શેટ્ટીની મોટી ફિલ્મ ગોલમાલ અગેઈનમાં દેખાઈ હતી. જેમાં તે અજય દેવગનની સાથે હતી. પ્રાપ્ત માહિતી મુજબ પરિણિતી ચોપડા પાસે હાલમાં કેટલાક નવા પ્રોજેક્ટ આવી રહ્યા છે. પરિણિતી હવે આઈટમ સોંગ કરવા માટે પણ તૈયાર છે. તે અન્ય અભિનેત્રીની જેમ આઈટમ સોંગ કરીને વધારે લોકપ્રિયતા મેળવી લેવા માટે તૈયાર છે. પરિણિતી ચોપડા પોતાની બહેન પ્રિયંકા ચોપડાની સફળતાને લઈને પણ ખુબ ગર્વ અનુભવ કરી રહી છે. તેના પગલે ચાલવા માટે ઈચ્છુક પણ છે.

# દિલકશ અવાજની મલ્લિકા આશા ભોંસલે

**ફિલ્મી સિતારા-કમલેશ કંસારા**

પોતાના અવાજની કશીશને કારણે વિખ્યાત ગાયિકા આશા ભોંસલે છેલ્લા કેટલાક વરસોમાં અનેક નવા પ્રયોગોની સાથે છ દાયકા સુધી સીને જગતને ૧૨ હજારથી પણ વધુ દિલકશ અને મદહોશ ગીતો આપી ચુકી છે. હિંદી ઉપરાંત મરાઠી, બંગાળી, ગુજરાતી, પંજાબી, તમીલ, મલયાલમ અને અંગ્રેજી ભાષામાં ગીતો ગાયા છે.



૮ સપ્ટેમ્બર ૧૯૩૩ ના રોજ મહારાષ્ટ્રના સાંગલી ગામમાં જન્મેલ આશા ભોંસલેના પિતા પંડીત દીનાનાથ મંગેશકર મરાઠી રંગમંચ સાથે જોડાયેલા હતા. નવ વર્ષની નાની ઉંમરે જ આશાના માથા પરથી પિતાનું છત્ર ઉઠી ગયું હતું અને પરિવારની જવાબદારી ઉઠાવતા પોતાની નાની બહેન લતા મંગેશકર સાથે ફિલ્મોમાં અભિનયની સાથે ગીતો ગાવાની શરૂઆત કરી હતી.

આશા ભોંસલેએ પોતાનું પ્રથમ ગીત ૧૯૪૮ માં આવેલ ફિલ્મ ચુનરીયામાં 'સાવન આયા' ગાયું હતું. માત્ર ૧૬ વર્ષની ઉંમરે પોતાના પરિવારની ઈચ્છા વિરૂદ્ધ જતા આશાએ પોતાની ઉંમરથી ઘણાં મોટા એવા ગણપતરાવ ભોંસલે સાથે લગ્ન કર્યા હતા. જો કે એમના આ લગ્ન સફળ રહ્યા નહોતા અને પુના પોતાના ઘેર પાછા ફરવું પડેલું. એ સમયે હિંદી ફિલ્મ જગતમાં પાર્શ્વગાયિકા તરીકે ગીતાદત્ત, શમશાદ બેગમ અને લતા મંગેશકર પોતાની ધાક જમાવી રહ્યા હતા.

૧૯૫૭ માં સંગીતકાર ઓ.પી.નૈયરના સંગીત નિર્દેશનમાં બનેલ ફિલ્મ નયા દૌરમાં આશા ભોંસલેના ફિલ્મી પાર્શ્વગાયિકાની કેરીયરની શરૂઆત થઈ હતી. ત્યાર બાદ ૧૯૬૬ માં તીસરી મંજીલમાં આશા ભોંસલેએ આર.ડી.બર્મનના સંગીતમાં 'આજા આજા મૈં હું પ્યાર તેરા..' ગીત ગાઈને પોતાના અવાજને પ્રસિદ્ધિ મળી હતી.

૬૦ અને ૭૦ ના દશકમાં આશા ભોંસલેએ હિંદી ફિલ્મોની પ્રખ્યાત નર્તક અભિનેત્રી હેલનની અવાજ માનવામાં આવતો હતો. આશા ભોંસલેએ હેલનને માટે, તીસરી મંજીલ, કારવાં, મેરે જીવન સાથી, ડોન ફિલ્મમાં ગીતો ગાયા હતા. જે ગીતોથી પ્રેક્ષકો આજે પણ ઝુમી રહ્યા છે.

શાસ્ત્રીય સંગીતથી લઈને પાશ્ચાત્ય ધુનો પર ગાવામાં માહીર હાંસલ કરનારી આશા ભોંસલેને ૧૯૮૧ માં પ્રદર્શિત ફિલ્મ ઉમરાવ જાનથી પોતાના ગાવાના અંદાજમાં પરિવર્તન લાવી દીધું હતું. ફિલ્મ ઉમરાવ જાનમાં આશા ભોંસલેએ એક કેબરે સીંગર અને પોપ સીંગરની છબીમાંથી બહાર નીકળીને અને લોકોને એ અહેસાસ કરાવ્યો કે તે દરેક પ્રકારના ગીતો ગાઈ શકે છે. આ ફિલ્મ માટે આશા ભોંસલેને પોતાની કેરીયરનો પ્રથમ નેશનલ એવોર્ડ મળ્યો હતો.

૧૯૯૪ માં પોતાના પતિ આર.ડી.બર્મનના મોતથી આશાને આઘાત લાગ્યો હતો અને ત્યારબાદ એમણે ગીતો ગાવાના છોડી દીધા હતા પરંતુ એમના જાદુઈ અવાજની દુનિયા કયાં સુધી મોં ફેરવવાની હતી ? એમનો અવાજ દરેક સંગીતકારની આવશ્યકતા હતો. થોડા વરસોની ખામોશી બાદ એ.આર.રહેમાને પોતાની ફિલ્મ 'રંગીલા' માટે ૧૯૯૪ માં આશા ભોંસલે પાસે ગીત ગવડાવ્યું હતું. અનુસંધાન પાના નં.૬ ઉપર




**ન્યુઝ સ્ટ્રીપ્સ**

★નિર્માતા જે ડી મજીઠીયાના બે શો ખીચડી અને સારાભાઈ વર્સેસ સારાભાઈ અત્યંત લોકપ્રીય બન્યાં છે. અત્યાર સુધી આ બંને શોની બબ્બે સીઝન આવી ગઈ છે. અને ખીચડીની ત્રીજી સીઝન આવવાની તૈયારીઓ થઈ રહી છે ત્યારે હવે એમ સાંભળવા મળે છે કે નિર્માતા આ કોમેડી સીરીઝમાં સારાભાઈ નો વઘાર કરીને તેને વધુ સ્વાદિષ્ટ બનાવવામાગે છે. નિર્માતા બંને ધારાવાહીકોને ભેળવાવનો વિચાર કરી રહ્યો છે. આ બંને કોમેડી શોને દર્શકોનો અપ્રતિમ પ્રતિસાદ સાંપડી રહ્યો છે. તેથી જ બંનેએ ભેગા કરી દેવામાં આવે તો હાસ્યની છોળો વધુ ઉંચે સુધી ઉડશે એ વાતમાં બે મત નથી. પેટ પકડીને હસાવતો પારેખ પરિવાર જ્યારે સારાભાઈ કુટુંબને મળશે ત્યારે કેવી રમુજ સર્જાશે તે તો દર્શકોને હસી હસીને તેમનું મોઢું દુ:ખી જશે ત્યારે જ ખબર પડશે.

★ જાણીતી બંગાળી અભિનેત્રી શ્વેતા ભટ્ટાચાર્ય હવે જય કનૈયાલાલ કી દ્વારા હિંદી સીરીયલમાં પદાર્પણ કરી રહી છે. આ શોમાં વિશાલ વશિષ્ટ પણ છે. વાસ્તવમાં આ કૌટુંબિક કોમેડી જાણીતા બંગાળી ટીવી શો ભોજો ગોબિંદા ની રીમેક છે. આ ધારાવાહીકમાં શ્વેતા શ્રીમંત પરિવારની બગડેલી પૌત્રી દલીનો રોલ કરી રહી છે. અભિનેત્રીએ કહ્યું કે હું હિંદી સીરીયલમાં શુભારંભ કરવા અત્યંત ઉત્સુક છું. મારો રોલ ખાસ્સો પડકારજનક છે પરંતુ જ્યારે સીરીયલ સર્જકોએ મારી સમક્ષ તેની રસપ્રદ કથાનું વર્ણન કર્યું ત્યારે મારા માટે ના પાડવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નહોતો થતો. મને ખાતરી છે કે હિંદી શોઝના દર્શકો મને પણ દલીની ભૂમિકામાં પસંદ કરશે.

★ બોલીવુડ માટે સુપરસ્ટારની ખોજ કરનારા શો ઈન્ડીયાઝ નેકસ્ટ સુપરસ્ટારના સૌ પ્રથમ એપીસોડમાં તેના નિર્ણાયકો કરણ જોહર અને રોહીત શેટ્ટી સાથે અભિનેત્રી પ્રીયંકા ચોપરા પણ જોડાશે. સુત્રોએ જણાવ્યું હતું કે કરણ જોહરે અદાકારાને ખાસ નિર્ણાયક બનવા આમંત્રણ આપ્યું હતું અને અભિનેત્રી તેને માટે ખુશીથી તૈયાર થઈ ગઈ હતી. સૂત્રોએ વધુમાં કહ્યું હતું કે, તે આ એપીસોડમાં માત્ર નિર્ણાયકની ભૂમિકા જ નહીં ભજવે, બલ્કે પોતાના ચાર્ટબસ્ટર ગીત દેશી ગર્લ પર પરફોર્મ પણ કરશે. વળી આજની તારીખમાં પ્રિયંકા માત્ર બોલીવુડની જ નહીં હોલીવુડની પણ ટોચની અદાકારા ગણાય છે. તેથી આ શોમાં ભાગ લેનારાઓ માટે તેની ઉપસ્થિતિ પ્રેરક બની જશે.

## હોલિવુડ ફિલ્મોમાં કામ કરવાને લઈ ઈચ્છુક નથી



દબંગ ફિલ્મ મારફતે બોલિવુડમાં પ્રવેશ કર્યા બાદ અનેક સુપરહિટ ફિલ્મો આપી ચુકેલી અભિનેત્રી સોનાક્ષી સિંહા બોલિવુડની પોતાની ફિલ્મોથી ખુશ છે. તેની હોલિવુડની ફિલ્મોમાં કામ કરવાની કોઈ યોજના નથી. તે અહીંની ફિલ્મોમાં વધારે સંતુષ્ટ દેખાઈ રહી છે.જો કે સોનાક્ષીએ કહ્યુ છે કે હોલિવુડમાં કામ કરી રહેલી પ્રિયંકા ચોપડા અને દિપિકાની ભૂમિકાથી તે ખુશ છે. સાથે સાથે ગર્વ પણ અનુભવ કરે છે. બન્ને અભિનેત્રીના કારણે ભારતનુ નામ થઈ રહ્યુ છે. બન્ને અભિનેત્રીઓએ બોલિવુડની સાથે સાથે હવે હોલિવુડ ફિલ્મોમા લોકપ્રિયતા જગાવી છે. ૩૦ વર્ષીય સોનાક્ષીએ કહ્યુ છે કે તે અહીં ખુબ ખુશ અને સંતુષ્ટ છે. જેથી બહારની ફિલ્મોમાં કામ કરવા માટે ઈચ્છુક નથી. આવનાર સમય અંગે કોઈ વાત કરવાનો સોનાક્ષીએ ઈન્કાર કર્યો છે. બોલિવુડમાં નવી નવી અભિનેત્રી વચ્ચે ચાલી રહેલી ગળા કાપ સ્પર્ધાને લઈને સોનાક્ષી ચિંતિત નથી. જો કે તેની પાસે પણ હાલમાં ઓછી ફિલ્મો હાથમાં આવી રહી છે. બોલિવુડના નિર્માતા નિર્દેશકો મોટા ભાગે નવા કલાકારોને લઈને ફિલ્મો બનાવી રહ્યા છે. નવી નવી અભિનેત્રી બોલિવુડમાં દરરોજ પ્રવેશી રહી છે. સોનાક્ષીએ પોતાની કેરિયરની શરૂઆત સલમાન ખાન સાથે દબંગ મારફતે કરી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી.

ત્યારબાદ તેની લોકપ્રિયતા સતત વધી હતી. દબંગ-૨ ફિલ્મમાં પણ તે સલમાન ખાનની સાથે નજરે પડી હતી. પોતાની કેરિયરમાં તે તમામ મોટા સ્ટાર સાથે કામ કરી ચુકી છે.જેમાં અજય દેવગન, અક્ષય કુમારનો સમાવેશ થાય છે.હજુ તેની પાસે મોટા બેનરની ફિલ્મો છે.

**બીહાઈન્ડ ધ સ્ક્રીન**

## મંદિરા બેદી લાંબા સમય બાદ ફિલ્મમાં નજરે પડશે



**ઓન ધ સ્ક્રીન**

પ્રભાસ અભિનિત ફિલ્મ સાહોમાં નાનકડી ભૂમિકા મળી હોવા છતાં મંદિરા બેદી ભારે ખુશ દેખાઈ રહી છે.અહેવાલમાં કહેવામાં આવ્યુ છે કે મંદિરા બેદીની પસંદગી કરવામાં આવી હોવાની જાહેરાત કરવામાં આવી ચુકી છે. મંદિરા ફિલ્મમાં નેગેટીવ રોલમાં નજરે પડનાર છે. શ્રદ્ધા કપુર લીડ રોલમાં નજરે પડનાર છે. ફિલ્મમાં જેકી, શ્રોફ, નીલ નિતિન મુકેશ અને ચંકી પાન્ડે પણ નેગેટીવ રોલમાં દેખાશે. શ્રદ્ધા કપુરને પણ મોટી ફિલ્મ હાથ લાગી ગઈ છે. આ ફિલ્મ બાદ શ્રદ્ધાની કેરિયરમાં નવા પ્રાણ ફુંકાઈ શકે છે. શ્રદ્ધા કપુરને સતત સારી ફિલ્મોમળી રહી છે પરંતુ તેની ફિલ્મો ફલોપ સાબિત થઈ રહી છે. આવી સ્થિતીમાં પ્રભાસ સાથેની સાહો ફિલ્મને લઈને તે આશાવાદી છે. આ ફિલ્મ ત્રણ ભાષામાં બનનાર છે. જેથી ઉત્સુકતા વધી ગઈછે. ફિલ્મમાં અનેક હિન્દી ફિલ્મોના ટોપ સ્ટાર કામ કરવા જઈ રહ્યા છે. જેમાં જેકી શ્રોફ, ચંકી પાન્ડે અને મહેશ માંજરેકર કામ કરી રહ્યા છે. ટીનુ આનંદ પણ કામ કરી રહ્યા છે.ફિલ્મમાં મલયાલમ સ્ટાર મિસ્ટર લાલ પણ કામ કરી રહ્યો છે. ઉપરાંત નીલ નિતિન મુકેશની પણ ભૂમિકા છે. પ્રભાસ અભિનિત ફિલ્મ માટે શુટિંગ શરૂ કરી દેવામાં આવ્યુ છે. આફિલ્મ હાઈટેક એક્શન ડ્રામાં ફિલ્મ છે. ફિલ્મ હિન્દી, તમિળ અને તેલુગુ ભાષામાં બની રહી છે. ફિલ્મમાં હાઈટેક એક્શન સીન રાખવામાં આવ્યા છે. ફિલ્મની પટકથા સુજીતે લખી છે. નિર્દેશનની જવાબદારી પણ તે પોતે અદા કરી રહ્યા છે. દેશભરમાંબાહુબલી નામથી પ્રભાસ વધારે ઓળખાય છે. તે ફિલ્મ જગતના સૌથી મોટા સ્ટાર તરીકે ઉભરી ચુક્યો છે. પ્રભાસ અને શ્રદ્ધા કપુરની જોડીને જોવા માટે ચાહકો ભારે ઉત્સુક છે. પ્રભાસની જોડી મુખ્ય રીતે અનુષ્કા શેટ્ટી સાથે તમામ લોકોને ખુબ પસંદ પડી છે. હવે મંદિરા બેદીની પણ પસંદગી કરવામાં આવી છે. તે ભારે આશાવાદી છે.

## ઐશ્વર્યા-અનિલ કપૂરની નવી ફિલ્મ ૧૫ જૂને રિલિઝ થશે



**સીને**

બોલિવુડની બ્યુટીક્વીન એશ્વર્યા રાય બચ્ચન હવે નવી ફિલ્મમાં ફરી એકવાર અનિલ કપુર સાથે તાલ મિલાવવા જઈ રહી છે. અનિલ કપુર અભિનિત મ્યુઝિકલ ડ્રામાં ફિલ્મ ફન્ને ખાનનુ શુટિંગ હાલમાં ચાલી રહ્યુ છે. શુટિંગ પૂર્ણ થવા આરે પહોંચી ગયુ છે. ફિલ્મ ભારત સહિત સમગ્ર દુનિયામાં ૧૫મી જુન ૨૦૧૮ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ એક મ્યુઝિકલ કોમેડી ફિલ્મ રહેશે. ગયા વર્ષે જુલાઈ માસમાં શુટિંગ શરૂ કરવામાં આવ્યુ હતુ. એશ હાલમાં પોતાની છ વર્ષની પુત્રી આરાધ્યા અને પતિ અભિષેક બચ્ચનની પારિવારિક લાઈફ માણી રહી છે. અનિલ કપુર અને એશ છેલ્લે સતિશ કૌશિકની ફિલ્મ હમારા દિલ આપકે પાસ હેમાં નજરે પડ્યા હતા. આ ઉપરાંત આ બન્ને સુભાષ ઘાઈની ફિલ્મ તાલમાં પણ નજરે પડ્યા હતા. ગયા વર્ષે ઓગષ્ટના પ્રથમ સપ્તાહથી ફિલ્મનુ નિયમિત શુટિંગ શરૂ કરાયુ હતુ.

એશ્વર્યા રાય બચ્ચન નિયમિત રીતે ફિલ્મના શુટિંગમાં બાગ લઈને તેના હિસ્સાના શુટિંગને પૂર્ણ કરી ચુકી છે. રાકેશ ઓમપ્રકાશની સાથે મળીને ફિલ્મના સહ નિર્માતા તરીકે રહેલી પ્રેરણા અરોરાએ કહ્યુ છે કે એશ આ રોલમાં સૌથી ફિટ પાત્ર તરીકે છે. સૌથી પહેલા પ્રિયંકા ચોપડાને આ રોલની ઓફર કરવામાં આવી હતી. જો કે તેને પટકથા પસંદ પડી ન હતી. ત્યારબાદ એશને ઓફર કરવામાં આવી હતી. ફન્ને ખાન ફિલ્મની સાથે જ ડિરેક્ટર તરીકે અતુલ માંજરેકરની એન્ટ્રી થઈ રહી છે. આ ફિલ્મ વર્ષ ૨૦૦૦ની નેધરલેન્ડની ફિલ્મ એવરીબોડી ફેમસની રીમેક છે. અનિલ કપુર પોતે ફિલ્મના બે ગીત રજૂ કરી શકે છે. એશ પણ પોતાનો અવાજ આપે તેવી શક્યતા છે. એશ અનિલ કપુર સાથે વિતેલા વર્ષોમાં ખુબ સારી જોડી જમાવી ચુકી છે.

## મલાઇકા દબંગ-3 ફિલ્મમાં ભૂમિકા નહીં કરે



મુન્ની બદનામ હુઈ જેવા આઈટમ સોંગ કરીને તમામ ચાહકોને રોમાંચિત કરી દેનાર સેક્સી મલાઈકા અરોડા ખાન દબંગ-3 ફિલ્મમાં કામ કરવા જઈ રહી નથી. અરબાજ સાથે સંબંધ તુટી ગયા બાદ સલમાન અભિનિત દબંગ-3 ફિલ્મ માટે તેને આઈટમ સોંગની ઓફર કરવામાં આવી નથી. તે હાલમાં કોઈ મોટી ભૂમિકા ધરાવતી ફિલ્મો કરી રહી નથી. જે તેના ચાહકો માટે નિરાશાજનક સમાચાર છે. મલાઈકાએ પોતે કહ્યુ છે કે તે હાલમાં માત્ર આઈટમ સોંગ અને કેમિયો સુધીજ તેની ભૂમિકાને મર્યાદિત રાખી રહી છે. અભિનેત્રી અને મોડલ મલાઈકા અરોડા ખાને કહ્યુ છે કે તે મોટી સ્ક્રીન પર હાલ નજર પડનાર નથી. સાથે સાથે તેની ભૂમિકા હવે મર્યાદિત થઈ ગઈ છે. ૧૫વર્ષીય પુત્ર અરહાનની માતા મલાઈકા હજુ પણ જોરદાર ફિટનેસ અને ખુબસુરતી ધરાવે છે. તેનુ કહેવુ છે કે સંપૂર્ણ ફિલ્મમાં તેને રોલ કરવાની તક મળે તેમ તે માનતી નથી. પરિવાર પ્રત્યેની જવાબદારીના કારણે તે મોટી સ્ક્રીનથી દુર રહી છે કે અનુસંધાન પાના નં.૬ ઉપર

## પ્રથમ વખત પિતા સાથે ફિલ્મમાં કામ કરશે અભિનેત્રી સોનમ કપૂર



અનિલ કપૂર ઝક્કાસ હીરો હોવા ઉપરાંત એક બિન્દાસ પિતા પણ છે. જ્યારે સોનમ કપૂરને ફિલ્મ નીરજા માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો ત્યારે તે ઉભા થઈને તાળીઓ પાડતા હતા. તેમના ચહેરા પર પિતા હોવાની ખુશી જોવા મળી રહી હતી. લેટેસ્ટ અહેવાલ અનુસાર અનિલ કપૂર પ્રથમ વખત દીકરી સોનમ કપૂર સાથે ફિલ્મમાં કામ કરવાના છે.આ ફિલ્મનું નામ છે 'એક લડકી કો દેખા તો એસા લગા'. જાણીતા ડાયરેક્ટર અને પ્રોડ્યૂસર વિધૂ વિનોદ ચોપરાની બહેન શૈલી ચોપરા આ ફિલ્મને ડાયરેક્ટર કરવાની છે. ત્યાં સુધી કે આ ફિલ્મનું શૂટિંગ પણ શરૂ થઈ ગયું છે. ઈન્ટરેસ્ટિંગ વાત તો એ છે કે '૧૯૪૨- અ લવ સ્ટોરી'માં એક લડકી કો દેખા એક ગીત હતું જે ખૂબ જ હીટ રહ્યું હતું.

આ ફિલ્મમાં અનિલ કપૂર

અનુસંધાન પાના નં.૬ ઉપર

## પાલનપુરમાં આંતર ...

પાના નં .૧ ચાલુ

અને તેની પાસે હીરો હોન્ડા મો.સા. જેનો નંબર GJ-24-N-4318 છે. જેના અસલ કાગળો માગતાં ગલ્લા તલ્લા કરતાં પોતાની પાસે નહી હોવાનો જણાવતો હોઈ ઈસમની સઘન પુછ પરછ કરતાં આ મો.સા. પાટણથી ચોરી કરેલાની કબુલાત કરેલ છે. જેની સઘન પુછપરછ કરતાં વિજયકુમાર રતીલાલ મોદી રહે. ઉમિયાનગર સોસાયટી, ડીસા મિતુલ રમેશભાઈ યોગી રહે.વાગડોદ તા.જી.પાટણ આસીફખાન કાલેખાન બલોચ, રહે.વાગડોદ, તા.જી.પાટણ, હાલ રહે.અમદાવાદ, વટવા સૈયદવાડી, કુતુંબનગરવાળાઓ ભેગા મળી બાઈક તેમજ એકટીવાની ઉંઝા, મહેસાણા, પાટણ, અમદાવાદ વિગેરે અલગ અલગ આંતર જીલ્લાઓમાંથી ચોરીઓ કરેલાની કબુલાત કરેલ છે. જેથી સદરે ઉપરના તમામ આરોપીઓને પકડી પાડી વધુ પૂછપરછ કરતાં તમામે ચોરીઓ કરેલાની કબુલાત કરેલ છે.ઉપરોક્ત આરોપીઓ દ્વારા વધુ મોટર સાયકલ ચોરીઓનો ભેદ ઉકેલાય તેવી શકયતા રહે છે. સદરે આરોપીઓ વિરુદ્ધમાં પાલનપુર પશ્ચિમ પો.સ્ટે કાયદેસરની કાર્યવાહી કરી સોંપવામાં આવેલ છે. કુલ મુદામાલ દ્વીચક્રી વાહન રીકવર ૧૪ કિ.રૂ. ૫,૮૦,૦૦૦/- સાથે આરોપી – ૪ ની અટકાયત કરેલ છે.

## બનાસ મેડિકલ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અત્યારના સમયમાં ભાગદોડ ભર્યું જીવન અને ખોરાકની અનિયમિતતા વધારે પ્રમાણમાં રહેતી હોય છે તેના લીધે કેટલાક રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. હાલના સમયમાં યુવાનોથી લઈને ઘરડા લોકોમાં હાઈબીપી, અનેમિયા, જાડાપણું અને ડાયાબીટીસના રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે, આ છૂપા રોગો હોવાથી લોકોને જલ્દી ખબર પડતી નથી. ધીમે -ધીમે શરીર પર હુમલો કરે છે અને લાંબા ગાળે સ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થાય છે. ડાયાબીટીસ રોગના દર્દી સમયસર સારવાર ન કરાવે તો આંખની દ્રષ્ટિ ગુમાવવાની શક્યતા રહેતી હોય છે. આવા રોગોનું નિદાન કરવા માટે અને સામાન્ય સારવાર માટે જેમ કે તાવ, ખાસી, માથાનો દૂ:ખાવો, ભૂખ ન લાગવી વગેરે માટે બનાસ મેડિકલ કોલેજના નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા ગામડાઓમાં કાર્ય હાથ ધરવામાં આવેલ છે. જયારે કોઈ ગંભીર રોગ જણાય તો પાલનપુર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં દર્દીને સારવાર અર્થે દાખલ કરવામાં આવે છે જેમાં આંખનાં મોતિયાનાં ઓપરેશન પણ કરવામાં આવે છે.

આવનારા સમયમાં બનાસકાંઠા જિલ્લામાં વધુ ગામોમાં ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજ દ્વારા હાઈ બીપી, અનેમિયા, જાડાપણું અને ડાયાબીટીસ રોગોના નિદાન કરવા માટે કેમ્પોનું આયોજન કરવામાં આવનાર છે જેમાં લાભ લેવા સૌ ખેડૂતો, પશુપાલકો અને આમ જનતાને ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

## બ.કાં. જીલ્લા...

પાના નં .૮ ચાલુ

અનામત સામાન્ય) જેમાં કોટડા (દી.), દેલવાડા, ચમનપુરા, લુદરા તાલુકા પંચાયત (બિન અનામત સામાન્ય) જેમાં લુદરા,બ ોડા, સામલા(વ.), વડાણા, વખા તા.પં. સીટ (બિન અનામત સામાન્ય) જેમાં વખા, ગોદા, ઓગડપુરા, મેસરા, ભડકાસર,

૩૦ - કોતરવાડા જીલ્લા પંચાયત - તા.પં.સીટો કોતરવાડા(સામાન્ય સ્ત્રી) સીટમાં કોતરવાડા, ફાફરાળી, ડાઉઆ, ચીભડા તાલુકા પંચાયત (સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) જેમાં ચીભડા, સણાવ, મખાણું, ગોલવી તાલુકા પંચાયત સીટ (સામાન્ય સ્ત્રી)માં ગોલવી,કુંવાતા, રવેલ તાલુકા પંચાયત સીટ (બિન અનામત સામાન્ય)માં રવેલ,રામપુરા(ધૂ.),ધુણસોલ, વડીયા તાલુકા પંચાયત સીટ (બિન અનામત સામાન્ય)માં વડીયા, નોખા, માનપુરા(ધૂ.), ભેંસાણા તાલુકા પંચાયત સીટ (સામાજીક શૈક્ષણિક અને પછાત વર્ગ સ્ત્રી) જેમાં ભેંસાણા, ધ્રાંડવ, ધ્રાંડવડા

૫૧ - રૈયા જીલ્લા પંચાયત સીટ - તા.પં.સીટો રૈયા તાલુકા પંચાયત સીટ (અનુસુચિત જાતિ સ્ત્રી) જેમાં રૈયા, સણાદર, સાલપુરા, ધનકવાડા તાલુકા પંચાયત સીટ (સામાન્ય સ્ત્રી) જેમાં ધનકવાડા, લીલાધર, ચગવાડા, કુવારવા, ડુચકવાડા તાલુકા પંચાયત સીટ(સામાન્ય સ્ત્રી) જેમાં ડુચકવાડા, કોટડા(ફો), ફોરણા તાલુકા પંચાયત સીટ (અનુસુચિત આદિજાતિ સ્ત્રી) જેમાં ફોરણા, ઓઢા, ગાંગોલ, સરદારપુરા(જ.), સોની તાલુકા પંચાયત સીટ(બિન અનામત સામાન્ય)માં સોની, જસાલી, નવાપુરા, માનપુરા(જા), ૫૨-રાંટીલા જીલ્લા પંચાયત સીટ જેમાં પાલડી તાલુકા પંચાયત સીટ (બિન અનામત સામાન્ય)જેમાં પાલડી, સરદારપુરા(ર.), રાંટીલા તાલુકા પંચાયત સીટ(અનુસુચિત જાતિ સ્ત્રી) જેમાં રાંટીલા, મકડાલા, જાડા તાલુકા પંચાયત સીટ (સામાન્ય સ્ત્રી) જેમાં જાડા, ખાણોદર, ભગવાનપુરા, મોજરૂજુના તાલુકા પંચાયત સીટ (બિન અનામત સામાન્ય ) જેમાં મોજરૂજુના, મોજરૂ નવા, સેસણ નવા, સેસણ જુના, જાલોઢા તાલુકા પંચાયત સીટ (સામાન્ય સ્ત્રી) જેમાં જાલોઢા,નરાણા,વાતમ નવા, વાતમ જુના.

## વાવ તાલુકાના...

પાના નં .૮ ચાલુ

જો કે કેટલાય સમયથી પાણી કેનાલમાં ના આવતું હોઈ ગતરોજ બન્ને ગામોના ખેડુતો પ્રાન્ત કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. ને રજુઆત કરી હતી કે કેનાલના પાણી છેવાડા સુધી પહોંચે તે પહેલા તળાવો ભરવામાં આવે છે. તેમજ અધિકારીઓની આડોડાઈના કારણે પાણી પહોંચતું નથી. ગેટમેનો રૂપિયા માગે છે. જેથી યોગ્ય કાર્યવાહી કરી પાણી પહોંચે તેવી અમારી માંગ છે. જેથી યોગ્ય કાર્યવાહી કરી પાણી પહોંચે તેવી અમારી માંગ છે. જો પાણી નહી મળે તો અમારા પાકને વ્યાપક પ્રમાણમાં નુકશાન થશે. જેથી અમો દેવાદાર બની જઈશું. માત્ર એક પાણી પાકને મળે તો પાક અમો પકવી શકીએ તેવી ઉગ્ર રજુઆત કરી હતી. આ અંગે મિડીયા સમક્ષ ચોટીલ ગામના ખેડુતોએ ચિમકી ઉચ્ચારી હતી કે જો પાણી નહી મળે તો ના છુટકે આત્મ વિલોપન કરવાની ફરજ પડશે.

## વાવ પંથકમાં ...

પાના નં .૮ ચાલુ

લડવા ઈચ્છતા ઉમેદવારોની ટીકીટ મેળવવા માટેની દોડધામ વધી ગઈ છે. હાલની પરિસ્થિતિ જોતાં વાવ તાલુકા પંચાયત ઉપર કોંગ્રેસ પાર્ટીનું શાસન છે ત્યારે ભાજપ-કોંગ્રેસ બંને પાર્ટીએ તાલુકા પંચાયત ઉપર કબજો મેળવવા માટે ૨૨ બેઠકોનું સર્વે કરી ઉમેદવારોની યાદી તૈયાર કરીને આખરી ઓપ આપી દીધો છે. વાવ તાલુકા પંચાયતની પ્રમુખની સીટ સામાન્ય પુરૂષ હોઈ પ્રમુખ પદના રેસના ઉમેદવારોમાં બંને પાર્ટીના પ્રમુખ પદના દાવેદારોએ ગણિતના આંકડા મેળવીને દોડધામ શરૂ કરી દીધી છે તેથી વાવ પંથકમાં રાજકીય ગરમાવો ભારે સતેજ બની ગયો છે વાવ-ભાભર-સૂઈગામ તા.પંચાયત ઉપર કોંગ્રસનું શાસન મેળવવા માટે ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે પ્રચાર પૂરજોશમાં આરંભ કરી દીધો છે ત્યારે ભા.જ.પાના અગ્રણીઓ પણ જોર લગાવી રહ્યાં છે.

## ડીસાના પેછડાલ...

પાના નં .૮ ચાલુ

શોધખોળ આદરી હતી. જો કે તેઓનો કોઈ અતોપતો ન મળતાં પરિવારજનોએ આખરે ડીસા તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે તેમના ભાઈ શિવાભાઈ ચૌધરીની ફરિયાદના આધારે ગુમશુદા રજિસ્ટરે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. ગુમ થનાર સેમાભાઈ ચૌધરી નો મોબાઈલ ફોન સતત બંધ હોવાથી તેઓનું કોઈ લોકેશન હાલ મળતું નથી. પોલીસે તેમના મિત્ર વર્તુળ, વેપારી વર્તુળ વગેરેમાંથી જાણકારી મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો છે.

## ડીસા ખાતે ...

પાના નં .૮ ચાલુ

કરવાનું છે. તેના ભાગરૂપે આગામી તા.૩/૨/૨૦૧૮ ના રોજ બપોરે ૧-૦૦ કલાકે હિન્દુ ધર્મશાળા ડીસા ખાતે જિલ્લા બેઠકનું આયોજન નક્કી કરેલ છે. જેમાં જિલ્લાના તમામ તાલુકાના પ્રમુખ - મંત્રી કોષા અધ્યક્ષ, તાલુકા પ્રચાર પ્રમુખ અને સક્રિય તેથી ત્રણ કાર્યકર્તા સાથે જિલ્લા સમીતી ઉપસ્થિત રહી સભ્યનોંધણી ગ્રામ સમીતી બાબતે સમીક્ષા કરવામાં આવશે. સાથે ખેડૂતોના પ્રમુખ જેવા કે નર્મદાનું પાણી ઉનાળામાં ખેતી માટે આપવું આગામી રવિ સીઝનના પાકો, રાઈ, ઘઉ, બટાકાના પોષણ ક્ષમ ભાવો મળવા, ટેકાના ભાવે રાઈડાની ખરીદી ચાલુ કરવી અને વિજળીના લગતા જમીન માપણીના પ્રશ્નો બાબતે વિચાર વિમર્શ કરી ખેડૂતોના હીતમાં સુચારૂ કાર્યક્રમ નક્કી કરવામાં તાલુકા અને જિલ્લાના અપેક્ષીત તમામ કાર્યકર્તાઓને હાજર રહેવા જણાવાયું છે.

## ડીસાની ભોપાનગર...

પાના નં .૮ ચાલુ

ભોપાનગર પોલીસ ચોકી બંધ હાલતમાં છે. જે માટે જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજર તાત્કાલિક પોલીસ ચોકી ચાલુ કરી જનતાની માંગણી સંતોષે તેવી માંગ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાય સમયથી આ વિસ્તારમાં દારૂ, જુગારના અડ્ડા ધમધમી રહ્યા છે. તો તાત્કાલિક રાત્રિ પેટ્રોલીંગ વધારી અડ્ડાઓ બંધ કરાવે તેવી જાગૃત નાગરિકોની માંગણી છે.

## ભાભર તા.પં.ચૂંટણીને ...

પાના નં .૮ ચાલુ

વખતે કોંગ્રેસના ધારાસભ્ય હોવાથી કોંગ્રેસ તા.પં. કબ્જે કરવા એડી-ચોટીનું જોર લગાવી રહી છે. ભાભર તાલુકા પંચાયતમાં સભ્ય બનવા માટે ભાજપ કોંગ્રેસમાં અનેક ઉમેદવારો મેદાનમાં છે, તેમજ જિલ્લા પંચાયતની મીઠા અને સણવા સીટની ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે.તા.૩/૨/૧૮ ના રોજ જાહેરનામુ પ્રસિધ્ધ થશે. જ્યારે ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તા.૮/૨/૧૮ છે. જ્યારે ઉમેદવારીપત્રો ચકાસવાની તા.૯/૨/૧૮ છે. ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તા.૧૦/૨/૧૮ છે. તેમજ મતદાન તા.૨૧/૨/૧૮ છે. જ્યારે તા.૨૩/૨/૧૮ ના દિવસે મત ગણતરી હાથ ધરવામાં આવનાર છે. ઉમેદવારો માટે રાતનાનીને વેશ ઝાઝા વાળી કહેવત જેવો ઘાટ ઘડાયો છે.

## પાલનપુરના આર.ટી.ઓ. ...

પાના નં .૮ ચાલુ

તેની ઈજાગ્રસ્ત પત્નીને દવાખાને લઈ જવાના બહાને પોતાની કારમા બેસાડી કાર પૂરઝડપે અમદાવાદ તરફ હંકારી મૂકી હતી.

દરમિયાન, કાર ચાલકે શિક્ષકને ગળું દબાવી જાનથી મારી નાખવાની ધમકી આપી અપહરણનો પ્રયાસ કર્યો હતો. ત્યારે શિક્ષકે ચાલુ કારમાંથી કૂદી પડવાનો પ્રયાસ કરતા કાર ચાલકે કાર ઉભી રાખી હતી. બાદમાં શિક્ષક તેમની ઈજાગ્રસ્ત પત્નીને સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જે ઘટનાની જાણ થતા કુંવરબા સ્કૂલના આચાર્ય મણિભાઈ સહિતનો સ્ટાફ અને બનાસકાંઠા જિલ્લા યુવા ભાજપ પ્રમુખ હરેશ ચૌધરી પણ પાલનપુર સિવિલમાં દોડી આવ્યા હતા.

# ખેડૂતોથી લઇને ઇન્ફ્રા સુધી બધા ઉપર ખાસ ધ્યાન રહ્યું

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટને તમામ માટે ઉપયોગી તરીકે ગણાવીને આની પ્રસંશા કરી હતી અને કહ્યું હતું કે, આ બજેટ દેશના સવા અબજથી વધુ લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરશે. તેમણે કહ્યું હતું કે, બજેટમાં જે રીતે ખેડૂતો અને ગ્રામીણ લોકોના વિકાસ માટે ધ્યાન આપવામાં આવ્યું છે તે માટે તેઓ નાણામંત્રીની સમગ્ર ટીમને અભિનંદન આપે છે. મોદીએ ખેડૂતો અને ગ્રામીણ ભારત માટે બજેટને ક્રાંતિકારી તરીકે ગણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે, ખેડૂતોની દશા સુધારવા માટે ગ્રામીણોને રોજગાર અને છત ઉપલબ્ધ કરાવવા માટે બજેટમાં મોટા પગલા લેવાયા છે. ખેડૂતો માટે ૧૪.૫૦ લાખ કરોડની ફાળવણી માત્ર ગ્રામીણ માટે કરાઈ છે. ખેડૂતોને આ નિર્ણયનો સંપૂર્ણ લાભ મળે તે માટે કેન્દ્ર રાજ્યો સાથે ચર્ચા કરશે. મોદીએ કહ્યું હતું કે, આ બજેટ દરેક ભારતીયોની અપેક્ષાને ધ્યાનમાં લઈને તૈયાર કરાયું છે. રેલવે માટે સરકારે ૧ લાખ ૪૮ હજાર કરોડની ફાળવણી કરી છે. રેલવે પાટાઓને બદલવા પર વધુને વધુ રકમ ખર્ચ કરાશે.

# પ્રિયંકા ચોપડા સૌથી મોંઘી સ્ટાર પૈકીની એક

બોલિવુડની સાથે સાથે હોલિવુડમાં પણ ભારે લોકપ્રિયતા મેળવી રહેલી અભિનેત્રી પ્રિયંકા ચોપડા હવે ગુજરાતી સહિત અન્ય જુદી જુદી ભાષાની ફિલ્મ બનાવવાની યોજના ધરાવે છે. ગુજરાતી ઉપરાંત મલયાલમ અને આસામી ભાષાની ફિલ્મ બનાવવાની તેની યોજના છે. આ અંગેની માહિતી પ્રિયંકા ચોપડાની માતા અને ફિલ્મ કંપનીના વડા મધુ ચોપડા દ્વારા જાહેરાત કરવામાં આવી છે.જુદી જુદી ભાષામાં ફિલ્મો બનાવવા માટે ઈચ્છા ધરાવનાર પ્રિયંકા ચોપડાના બેનર પર્પલ પેબ પિક્ચર દ્વારા આ અંગેની તૈયારી શરૂ કરી દીધી છે. મધુએ કહ્યુ હતુ કે હવે અમે આસામી ફિલ્મ નિર્માતા સાથે કામ કરી રહ્યા છીએ. ભોજપુરી, મરાઠી, પંજાબી ભાષાની ફિલ્મ બનાવી લીધા બાદ હવે જુદી જુદી ભાષાની ફિલ્મ બનાવવા માટેની કવાયત ચાલી રહી છે. પ્રિયંકા ચોપડા માત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં જોરદાર લોકપ્રિયતા મેળવી રહી છે. તે અમેરિકી શો ક્વાન્ટિકોમાં પણ લોકપ્રિયતા મેળવી રહી છે. હાલમાં તે ભારતમાં ખુબ ઓછા સમય માટે દેખાઈ રહી છે. અમેરિકામાં વધારે નજરે પડી રહી છે. આ બેનર હવે મલયાલમ અને ગુજરાતી ભાષાની ફિલ્મો પણ બનાવનાર છે. ટુંક સમયમાં આ બન્ને પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી શકે છે.

પ્રિયંકા ચોપડા હાલમાં હિન્દી ફિલ્મો ખુબ ઓછી કરી રહી છે. પ્રિયંકા ચોપડા હવે સૌથી મોંઘી સ્ટાર તરીકે ઉભરી આવી છે. જાહેરાતો અને ફિલ્મમાં કામ કરવા માટે તે ખુબ જંગી રકમ લઈ રહી છે. જેથી ઓછા બજેટ ધરાવતા નિર્માતા નિર્દેશકો હવે પ્રિયંકા ચોપડાને સાઈન કરવાની સ્થિતીમાં દેખાઈ રહ્યા નથી. તે સૌથી વધુ કમાણી કરનાર સ્ટાર તરીકે રહી છે.

# તાપ્સી તેમજ વિકી એક સાથે નજરે પડશે

અનુરાગ કશ્યપની નવી ફિલ્મમાં તાપ્સી, અભિષેક બચ્ચન અને વિકી નજરે પડનાર છે. આ સંબંધમાં નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. આનદ એલ રાયની આગામી ફિલ્મ મનમરજિયામાં બન્ને સાથે કામ કરી રહ્યા છે. આ એક ત્રિકોણીય પ્રેમ સ્ટોરી ફિલ્મ હોવાની માહિતી મળી રહી છે. ફિલ્મના કલાકારોમાં કેટલાક ફેરફાર કરવામાં આવી ચુક્યા છે. છેલ્લી ઘડીએ હવે અભિષેક બચ્ચનને પણ લેવામાં આવ્યો છે. છે. અનુરાગ કશ્યમની ફિલ્મ માટે નિર્દેશક તરીકે પસંદગી કરવામાં આવી છે. તેઓ ફેબ્રુઆરીમાં આ રોમેન્ટિક ફિલ્મ બનાવી રહ્યા છે.

તાપ્સી અને વિકી કૌશલ ફિલ્મમા લીડ રોલમાં કામ કરી રહ્યા છે. લવ સ્ટોરીને આગળ વધારી દેવા માટે ફિલ્મની ટીમ બીજા અભિનેતા તરીકે અભિષેકની પસંદગી કરી ચુકી છે. ફિલ્મનુ શુટિંગ હવે હિમાચલ પ્રદેશમા શરૂ કરવામાં આવનાર છે. ફિલ્મની ટીમ હાલમાં લોકેશનને લઈને પણ આગળ વધી રહી છે. તેની પણ તપાસ ચાલી રહી છે. ફિલ્મનુ શુટિંગ સતત કરવામા આવનાર છે અને ફિલ્મને માર્ચના અંત સુધી પૂર્ણ કરી લેવામા આવનાર છે. આયુષમાન ખુરાના અને ભૂમિ સાથે એક કાર્યક્રમ વેળા આનંદ રાય દ્વારા આ ફિલ્મની જાહેરાત કરવામાં આવી હતી. ફિલ્મના નિર્માણ સાથે જોડાયેલા લોકોએ હજુ સુધી વધારે માહિતી આપી નથી. તાપ્સી છેલ્લે વરૂણ ધવનની ફિલ્મ જુડવા-૨ ફિલ્મમાં રજૂ થઈ હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ૨૦૦ કરોડની કમાણી કરી ગઈ હતી. ફિલ્મમાં તાપ્સીની સાથે જેક્લીનની પણ ભૂમિકા હતી.

તાપ્સી નવી ફિલ્મને લઈને ભારે આશાવાદી છે. તેની બોલબાલા પિન્ક બાદ સતત વધી છે. આ ફિલ્મને લઈને પણ તાપ્સી તૈયારી શરૂ કરી ચુકી હોવાના હેવાલ મળ્યા છે. તાપ્સી અને અભિષેક વચ્ચે કેમિસ્ટ્રી પણ રહેશે.

## રણવીર

અનુસંધાન ૫ નું ચાલુ

તો સૌકોઈએ આ પાત્ર ન કરવાની સલાહ રણવીરને આપી હતી. તેનું કારણ જણાવતાં રણવીરે કહ્યું કે આપણા દેશની ઓડિયન્સ ખૂબ જ ભાવુક છે અને આ પ્રકારની ભુમિકાના કારણે દર્શકો તમને નફરત કરવા લાગે તેવું બની શકે છે. આ કારણે આ પાત્ર ભજવવું એક પ્રકારે એક મોટું રિસ્ક હતું.

રણવીરે આ પાત્ર ભજવવા માટે તૈયાર થવાનું કારણ જણાવતાં કહ્યું કે તે ખૂબ જ ભયભીત હતો પરતં તે પોતાની કારકિર્દીમાં કંઈક હટકે પણ કરવા માંગતો હતો. પછી તેને લાગ્યું કે કદાચ ભણસ,લીના બેનર હેઠળ તેની આ ઈચ્છા પૂરી થઈ જાય. રણવીરે આ પાત્ર ભજવવાનો નિર્ણય તો લીધો પરંતુ આલાઉદ્દીન ખિલજી તરીકે તેની આ યાત્રા ખૂબ જ મુશ્કેલ રહી હતી.

## ફિલ્મી સીતારા

અનુસંધાન ૫ નું ચાલુ

આજના રીમીકસના જમાનામાં બનાયેલ ગીતો પર નજર નાખીએ તો જાણવા મળશે કે વધુ પડતા ગીતો આશા ભોંસલેએ જ ગાયા હતા. આશા ભોંસલેએ હિંદી ફિલ્મી ગીતો ઉપરાંત ગૈરફિલ્મી ગીતો, ગઝલ, ભજન અને કવાલીઓ પણ ગાઈ છે. આશાએ સંગીતકાર જયદેવના સંગીત નિર્દેશનમાં જયશંકર પ્રસાદ અને મહાદેવી વર્માની કવિતાઓને પોતાના સ્વરથી સજાવી છે ત્યારે ફીરાક ગોરખપુરી અને જીગર મુરાદાબાદીના રચેલા કેટલાક શેરો પણ ગાયા છે. જીવનની સચ્ચાઈને રજુ કરતી જીગર મુરાદાબાદીની ગઝલ મમૈં ચમને મૈં જહાં ભી રહું મેરા હક હૈ ફસલે બહાર ફરક એમના જીવનને ઘણું જ ઉજાગર કરે છે.

**કમલેશ કંસારા**

## મલાઈકા

અનુસંધાન ૫ નું ચાલુ

કેમ તે અંગે પુછવામાં આવતા મલાઈકા અરોરા ખાને કહ્યુ હતુ કે આ બાબત બિલકુલ નથી. તે મોટા પરદા પર મેઈન અભિનેત્રી તરીકે કામ કરવાનુ ક્યારેય વિચારી રહી નથી. પહેલા પણ તે મુખ્ય અભિનેત્રી તરીકે સ્થાપિત થવા ઈચ્છુક ન હતી. તેનુ કહેવુ છે કે તે શરૂઆતથી જ બોલિવુડની ફિલ્મોમાં આઈટમ સોંગ કરવા અમે કેમિયો કરવા માટે જ જાણીતી રહી છે. તમામ લોકો જાણે છે કે ટેલિવીઝન પર તે વધારે લોકપ્રિય થઈ ચુકી છે.તે રિયાલિટી શોનચ બલિયે, જરા નચ કે દિખા, ઝલક દિખ લા જા અને ઈન્ડિયાસ ગોટ ટેલેન્ટમાં ભાગ લઈ ચુકી છે. મલાઈકાએ અરબાજ સાથે પોતાના સંબંધની કોઈ વાત કરી નથી.

## સોનમ કપૂર

અનુસંધાન ૫ નું ચાલુ

અને સોનમ કપૂરની સાથે મધૂ માલતી પણ કામ કરશે. તે ટીવી દુનિયાનું એક જાણીતું નામ છે.

આ ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ પંજાબમાં થશે. કહાની પટિયાલાના એક પરિવારની છે. સોનમ કપૂર તેમાં અનિલ કપુરની દીકરીની ભૂમિકા ભજવશે. અનિલ કપૂરની ફિલ્મ ફન્ને ખાં અને રેસ-૩ બન્ને ૧૫ જૂનના દિવસે રિલીઝ થઈ રહી છે. તેમાં ઐશ્વર્યા રાય બચ્ચન પણ કામ કરી રહી છે. જ્યારે સોનમ કપૂરની ફિલ્મ વિરે દી વેડિંગ પણ આવી રહી છે. તેમાં તેની સાથે સ્વરા ભાસ્કર અને કરીના કપૂર ખાન કામ કરી રહી છે. આ ફિલ્મ ૧૫ મેના રોજ રિલીઝ થવાની છે.

# ફિટનેસને વધુ પ્રાથમિકતા આપે છે : પરિણિતી ચોપડા

બોલિવુડમાં હાલમાં ભારે લોકપ્રિયતા મેળવી રહેલી અભિનેત્રી પરિણિતી ચોપડાએ કહ્યુ છે કે તે ફિટનેસને સૌથી વધારે પ્રાથમિકતા આપે છે. કોઈ પણ કામ હોય તો પણ તે ફિટનેસને લઈને ઉદાસીનતા રાખતી નથી. ફિટનેસના મામલે તે કોઈ બાંધછોડ પણ કરતી નથી. વર્ષ ૨૦૧૬માં ફિલ્મોમાંથી બ્રેક લીધા બાદ પરિણિતી ચોપડાએ મોટા ભાગે શારરિક ફિટનેસ પર વધારે ધ્યાન કેન્દ્રિત કર્યુ હતુ. તેનુ કહેવુ છે કે તેને ફિટનેસ પર ધ્યાન આપવામાં આવ્યા બાદ ફાયદો થયો છે. રોહિત શેટ્ટીની ફિલ્મ ગોલમાલ અગેઈનમાં કામ કર્યા બાદ તે ભારે ખુશ છે. પહેલા કરતા વધારે ફિટ અને સારી દેખાયા બાદ તે ગોલમાલ અગેઈનમાં ચમકી હતી. તેના વજનમાં ઘટાડો થયા બાદ તે વધારે ખુશ છે કે કેમ તે અંગે પુછવામાં આવતા પરિણિતી ચોપડાએ કહ્યુ છે કે ફિલ્મને લઈને તે ભારે આશાવાદી હવે બનેલી છે. ચોપડાએ એમ પણ કહ્યુ છે કે ફિટ રહેવાની બાબતના કારણે તેને જુદા જુદા પ્રકારના રોલ મળી રહ્યા છે. હાલમાં પરિણિતી ચોપડા પાસે બે ફિલ્મો રહેલી છે. જેમાં સંદીપ ઓર પિન્કી ફરાર નામની ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્મમાં તેમની સાથે અર્જુન કપુર કામ કરી રહ્યો છે. ફિલ્મને ત્રીજી ઓગષ્ટના દિવસે રજૂ કરવાની તૈયારી ચાલી રહી છે.

બીજી બાજુ તેની પાસે મોટા બજેટની કેસરી નામની ફિલ્મ છે. જેમાં તે અક્ષય કુમારની સાથે કામ કરી રહી છે. બોલિવુડના સૌથી સફળ સ્ટાર પૈકી એક એવા અક્ષય કુમારની સાથે તેની આ ફિલ્મ ૨૧મી માર્ચ ૨૦૧૯ના દિવસે રજૂ કરવાની તૈયારી હાલમાં કરવામાં આવી છે. અક્ષય કુમાર જેવા મોટા સ્ટાર સાથે ફિલ્મ મળતા તે ખુશ છે. તે છેલ્લે અજય દેવગનની સાથે ગોલમાલ અગેઈનમાં નજરે પડી હતી.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | |
| **ચાંદી ચોરસા** | **૪૦૦૦૦** |
| રૂપુ કાચું | ૪૦૦૦૦ |
| સોનુ તોલો | ૩૦૭૦૦-૩૧૦૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૧૦૨૦** |
| પામોલીન | ૬૬૦ |
| સોયા રીફાઈન | ૧૩૫૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૨૦-૧૨૬૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૫૮૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૧૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ |
| ૫ લીટર | ૪૦૫ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૬૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૩૨૦૦ |
| ૫ કે. કોપરેલ | ૧૧૨૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૪૮૫ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૨૫૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૩૦૦ |
| ૫ લી. | ૫૨૦ |
| ૨ લી. | ૧૯૮ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૫૮૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૪૮૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૪૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત સ્પેસીયલ | ૭૮૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૭૭૦૦ |
| દાવત દિલખુશ | ૭૮૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૪૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |

| | |
|---|---|
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૯૫૦ |
| મગદાળ નર્મદા સુપર | ૬૦૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૬૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૯૦૦ |
| નર્મદા અડદદાળ | ૬૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૦૦૦ |
| હેરીટેજ તીબાર | ૮૦૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૨૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૦૦૦ |
| કાયનાત પોપુલર | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| પરી નં.૧ | ૯૨૦૦ |
| પરી નં. ૭ તીબાર | ૮૨૦૦ |
| પરી સુપર દુબાર | ૭૪૦૦ |
| કાયનાત ખેનીટાઈમ | ૭૨૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |

| | |
|---|---|
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૭૬૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૩૦૦-૩૪૦૦** |
| **ખાંડ એમ.** | **૩૪૫૦-૩૫૦૦** |
| ખાંડએલ. | ૩૫૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેકીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |

| | |
|---|---|
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | **૯૫૦-૧૦૦૦** |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૧૦૦ |
| જીરાળુ | ૧૭૪૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૩૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૫૭૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૭૦૦ |
| મેંદો | ૬૮૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૧૭૦ |
| સાકરીયા | ૩૮૦૦ |
| ખાંડ બુરૂ | ૪૦૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૮૦ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૧૨૦-૧૬૦ |
| સુકી ડુંગળી | ૪૪૦-૫૦૦ |
| લસણ | ૩૦૦-૫૦૦ |
| ધાણા | ૨૦૦-૨૪૦ |
| મરચાં | ૪૦૦-૫૦૦ |
| લીંબુ | ૩૦૦-૫૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૩૦૦ |
| આદુ | ૬૦૦-૭૦૦ |
| રીંગણ | ૨૪૦-૩૦૦ |
| ટામેટા | ૧૦૦-૧૪૦ |
| ભીંડા | ૮૦૦-૯૦૦ |
| કોબી | ૧૮૦-૨૪૦ |
| વટાણા | ૪૦૦-૫૦૦ |
| ટીંડસા | ૫૦૦-૬૦૦ |
| ગવાર | ૮૦૦-૧૦૦૦ |
| બાદશાહ બટાકા | ૧૪૦-૨૦૦ |
| સાંગા બટાકા | ૧૨૦- ૧૮૦ |
| તુવેર | ૬૦૦-૭૦૦ |

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ......................જ.તા. ...............ઉ.વ.
પરિચયઃ ................................................................
સરનામુ : ................................................................
મોકલનારની સહી : ....................................................



જિલ્લા મથક પાટણ ખાતે પી.એન.ડી.ટી. એક્ટ-૧૯૯૪ અંતર્ગત જિલ્લા કક્ષાની એડવાઇઝરી કમીટીની મીટીગ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ભરતભાઇ ગોસ્વામીની અધ્યક્ષતામાં યોજાઇ હતી. જે પ્રસંગની તસ્વીરમાં સર્વશ્રી ડૉ.પારૂલબેન જાની, નલીનીબેન માને, સરકારી વકીલશૈલેષભાઇ ઠક્કર, તનેસિંહ સોઢા અને ડૉ.બાબુભાઇ પ્રજાપતિ નજરે પડે છે.

## ચાણસ્મા કોલેજમાં યોજાયેલ 'એક દિવસય ડીજીટલ ઈન્ડીયા તાલીમ શિબિર'

ચાણસ્મા

"નિમા મેમોરિયલ" ગ્રામ વિકાસ ટ્રસ્ટ, રૂપપુર-ચાણસ્મા સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્મામાં તા.૨૪/૦૧/૨૦૧૮ ને બુધવારના રોજ સાંસ્કૃતિક પ્રવૃતિના ઉપક્રમે યુનીવર્સિટી કક્ષાની એક દિવસીય 'ડિજીટલ ઈન્ડીયા તાલીમ શિબિર' નું આયોજન કરવામાં આવ્યું. જુદી જુદી કોલેજોના ૪૫ શિબિરાર્થીઓએ તેમાં ભાગ લીધો. સમારંભના અધ્યક્ષ કોલેજના આચાર્ય ડૉ.આર.એન. દેસાઈએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી. સમારંભના મુખ્ય મહેમાન દિલીપભાઈ સુતરીયા (મેનેજર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ચાણસ્મા), વિષય તજજ્ઞ ડી.ટી. પટેલ (કમ્પ્યુટર પ્રોગ્રામર, વી.આર.પટેલ કોમર્સ કોલેજ, મહેસાણા અને વિજયભાઈ જી.દરજી (કમ્પ્યુટર પ્રોગ્રામર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્મા) એ ડીજીટલ ઈન્ડીયા વિષે તલસ્પર્શી માહિતી આપી. કાર્યક્રમને સફળ બનાવવા સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ડી.એલ.ભાવસાર, સંચાલક પ્રા.જે.વી.પટેલ અને પ્રા.ડી.વી. પટેલ તથા પ્રા.આર.એમ. વર્માએ જહેમત ઉઠાવી શિબિરને સફળ બનાવી.

## ખેરોજ ખાતે શિક્ષકો માટે બનાવેલા ક્વાટર્સ ખંડેર બની રહ્યા છે

ખેડબ્રહ્મા

ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ ગામે સરકાર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે શિક્ષકો માટે ક્વાર્ટસ બનાવવામાં આવ્યા છે. પરંતુ આ ક્વાર્ટસમાં આજદિન સુધી કોઈ શિક્ષક રહેવા ગયા નથી. જેના કારણે સરકારના લાખો રૂપિયા પાણીમાં ગયા છે. ક્વાર્ટસો તૈયાર હોવા છતાં શિક્ષકો ૧૦૦ તી ૧૫૦ કિલોમીટર દૂરથી અપડાઉન કરતા હોવાનું બહાર આવ્યું છે ખેરોજ ખાતે શિક્ષકો માટે ૨૫ ક્વાર્ટસો ઉભા કરવામાં આવ્યા છે. અને રોજ ૩૦ થી ૪૦ ગાડીઓ શિક્ષકોને લઈને ખેડબ્રહ્મા તાલુકામાં આવેછે. રોજ અપડાઉન કરતા શિક્ષકો ક્યારેક સવારે મોડા પહોંચતા હોય છે અને સાંજે જલદી જવાની ઉતાવળમાં બાળકોને વહેલા રજા આપી દેતાં હોવાથી બાળકોનું ભણતર બગડે છે, સરકાર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે ક્વાર્ટરો બનાવામા હોવા છતાં કોઈ શિક્ષકને ત્યાં રહેવું નથી,ખેડબ્રહ્મા તથા પોશીના તાલુકાના શિક્ષકો સરકારના નિયમોને ઘોળીને પી ગયા છે જેથી શિક્ષણ વિભાગ દ્વારા આ બાબતે શિક્ષકોને કાયદાનું ભાન કરાવવું જોઈએ. જો શિક્ષકો ક્વાર્ટરમાં રહેવા આવે તો શાળામાં નિયમિત આવ કરી શકે અને બાળકોનું શિક્ષણ પણ કથળે નહિં.

## વિવિધ બજાર ભાવ

| | |
|---|---|
| **ડીસા** | |
| રાયડો | ૬૬૦-૬૯૫ |
| એરંડા | ૮૦૨-૮૧૭ |
| ઘઉં | ૩૫૮ |
| બાજરી | ૨૪૦-૨૯૫ |
| મગફળી | ૬૮૫-૭૨૫ |
| રાજગરો | ૭૪૫-૭૭૫ |
| ગવાર | ૮૨૦-૮૭૭ |
| કપાસ | ૯૮૦-૯૮૧ |
| **પાલનપુર** | |
| રાયડો | ૫૫૬-૬૬૪ |
| એરંડા | ૭૯૦-૮૧૩ |
| મગફળી | ૬૩૦-૭૫૨ |
| ઘઉં | ૩૩૬-૩૫૯ |
| બાજરી | ૨૧૧-૨૪૨ |
| રાજગરો | ૭૪૦-૮૨૯ |
| **ભીલડી** | |
| એરંડા | ૮૦૧-૮૨૦ |
| રાયડો | ૬૨૧-૬૮૩ |
| રાજગરો | ૭૦૧ |
| બાજરી | ૨૪૫-૨૫૪ |
| ઘઉં | ૩૨૫ |
| ગવાર | ૮૪૦-૮૮૦ |
| તલ | ૧૩૦૦-૧૪૬૬ |
| અડદ | ૬૪૫ |
| કપાસ | ૮૫૦-૯૮૦ |
| મગફળી | ૫૦૦-૭૦૧ |
| કપાસ | ૮૮૦-૧૦૦૩ |
| **ધાનેરા** | |
| એરંડા | ૮૦૦-૮૧૮ |
| રાયડો | ૬૫૦-૭૦૪ |
| ઈસ. | ૧૮૩૧ |
| તલ | ૧૪૦૦-૧૫૫૦ |
| સુવા | ૯૨૬-૯૬૦ |
| રાજગરો | ૭૯૦ |
| અન્ય | ૯૫૦ |
| બાજરી | ૨૪૩-૨૭૪ |
| ઘઉં | ૩૨૫ |
| ગવાર | ૮૨૦-૮૬૭ |
| મગફળી | ૫૦૦-૭૦૧ |
| કપાસ | ૮૮૦-૧૦૦૩ |
| રાજગરો | ૭૬૦ |
| **થરાદ** | |
| રાયડો | ૬૮૦-૭૩૦ |
| એરંડા | ૭૮૦-૮૧૯ |
| જીરુ | ૨૫૦૦-૩૫૨૦ |

| | |
|---|---|
| અજમો | ૧૨૦૦-૧૯૦૦ |
| ગવાર | ૮૧૨-૮૬૬ |
| તલ | ૧૨૫૦-૧૩૨૦ |
| મગ | ૭૫૭-૮૯૧ |
| મઠ | ૫૫૦-૬૦૦ |
| ઈસબગુલ | ૧૭૦૦-૧૯૩૦ |
| **રાહ** | |
| રાયડો | ૬૯૦-૭૦૧ |
| એરંડા | ૭૯૦-૮૦૧ |
| રજકાબાજરી | ૩૮૦-૪૦૧ |
| ચિકુડી | ૯૦૦-૯૫૧ |
| **થરા** | |
| જીરૂ | ૩૨૫૦૦-૩૫૮૦ |
| એરંડા | ૮૧૦-૮૨૦ |
| રાયડો | ૬૭૩-૬૮૩ |
| ગવાર | ૮૨૦-૮૪૫ |
| ઘઉં | ૩૧૫-૩૬૫ |
| બાજરી | ૨૨૫-૨૪૩ |
| અડદ | ૬૭૫-૭૦૫ |
| **સિદ્ધપુર** | |
| ઘઉં | ૩૨૫-૩૭૫ |
| બાજરી | ૨૦૦-૨૬૦ |
| જુવાર | ૫૮૯-૮૨૫ |
| એરંડા | ૭૭૫-૮૨૦ |
| અડદ | ૭૫૮-૮૨૫ |
| રાયડો | ૫૯૩-૭૦૦ |
| ગવાર | ૭૫૬-૮૭૧ |
| કપાસ | ૯૦૦-૧૦૩૮ |
| **પાટણ** | |
| જીરૂ | ૩૧૦૦-૩૫૦૦ |
| વરી. | ૧૦૫૦-૧૩૫૦ |
| મેથી | ૪૭૦-૫૭૮ |
| સુવા | ૯૧૦-૯૭૦ |
| રાયડો | ૬૩૦-૭૧૬ |
| એરંડા | ૭૯૦-૮૨૮ |
| અજમો | ૫૦૦-૧૧૫૦ |
| તલ | ૧૩૫૧-૧૩૬૧ |
| ઘઉં | ૩૨૫-૩૭૧ |
| બાજરી | ૨૦૫-૨૪૩ |
| બંટી | ૩૩૧-૩૬૪ |
| અડદ | ૬૫૦-૮૧૪ |
| ગવાર | ૮૦૦-૮૭૫ |
| કપાસ | ૯૫૦-૧૦૩૯ |

## શંખલપુરમાં કિસાનગોષ્ઠી કાર્યક્રમ યોજાયો

ચાણસ્મા

બહુચરાજી તાલુકાના શંખલપુર ગામે એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) દ્વારા ખેડુતોને રવિ પાકોની આધુનિક ખેતી, પશુ ઓલાદ સુધારણા વગેરે અંગે માર્ગદર્શન આપવા કિસાનગોષ્ઠી કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કૃષિ તજજ્ઞો જે.આર.પટેલ અને ડી.એમ.પટેલે ઘઉં, દીવેલા અને વરિયાળી સહિતના પાકો અંગે તેમજ પશુ ચિકિત્સા




અધિકારી ડૉ.એસ.આઈ.પટેલે ઉચ્ચ ઓલાદ પશુ સુધારણા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું આયોજન બીટીએમ શુભમ ચૌધરી અને એટીએમ નિલમ પ્રજાપતિએ કર્યું હતું.

## રાધનપુરમાં મસાણીયા હનુમાનજી મંદિર પાસે કચરાના ઢગલાથી લોકો ત્રાહિમામ

રાધનપુર

રાધનપુરમાં ગંગેશ્વર કોલોની પાસે આવેલા મસાણીયા હનુમાનજી મંદિરમાં છેલ્લા ૫૦ વર્ષથી પૂજા-અર્ચના કરતા અમથુભાઈ ખોડાભાઈ પરમારે ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરને લેખિતમાં રજુઆત કરીને જણાવ્યું છે કે મસાણીયા હનુમાનજી મંદિરની બાજુમાં દલિત સમાજનું સ્મશાન આવેલું છે.આ હનુમાનજી મંદિર પાસે છેલ્લા કેટલાય સમયથી ગંદકીના ઢગલા ખડકાયેલા છે,જેના કારણે હનુમાનજી મંદિરમાં તેમજ સ્મશાનમાં જવા માટે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.વારે-તહેવારે મંદિરમાં મેળાનું આયોજન પણ કરવામાં આવે છે,અને ધર્મપ્રેમી જનતા દર્શનાર્થે આવે છે તેમને આ કચરાના ઢગ ઉપરથી થઈને આવવું પડે છે.જયારે ચોમાસાની સીઝનમાં તો આનાથી પણ બદતર હાલતનો સામનો કરવો પડે છે.ગંદા કચરાના કારણે ચારેબાજુ દુર્ગંધ ફેલાવાના કારણે રોગચાળો ફાટી નીકળવાની દહેશત રહે છે.છેલ્લા છ મહિનામાં ૧૦ થી ૧૫ વખત નગરપાલિકામાં લેખિત રજૂઆતો કરી છે,સેનેટરી ઈન્સ્પેક્ટરને પણ અવાર-નવાર રજૂઆતો કરી છે છતાંય કોઈ પગલાં ભરાતાં નથી.જે.સી.બી.દ્વારા આ કચરાના ઢગલા દૂર કરવા જણાવવામાં આવ્યું છે.

## પાટણજિલ્લાના સિદ્ધપુરના સેદ્રાણા ખાતે ચાલતી મક્તબા જાફરીયા રિસર્ચ એકેડમીનું નમૂનેદાર શૈક્ષણિક સંકુલ

પાટણ.

પાટણ જિલ્લાના ૩૭ગામોમાં અંદાજે દસ હજાર પરિવારો સાથે ૬૦ હજાર ઉપરાંતની જનસંખ્યા ધરાવતો શિયા જાફરી મોમીન સમાજ તેમના પરંપરાગત કૃષિ અને પશુપાલનમાં વ્યસ્ત હોવાની સાથે શૈક્ષણિક ક્ષેત્રે નમૂનેદાર વિકાસ કરી રહ્યો છે કાકોશી-મેતા અને ધાન્ધાર સમાજ તરીકે ઓળખાતા આ સમાજે તેમના ધર્મગુરૂ પીર સૈયદ મહંમદ મુસાદીદ હુસેન બાવાજીના આશીર્વાદ અને પ્રેરણાથી અહેમદ વિકાસ મંડળના નેજા હેઠળ નોંધપાત્ર શૈક્ષણિક-સાંસ્કૃતિક વિકાસ કરી રહ્યો છે. તાજેતરમાં આ સમાજના સિદ્ધપુરતાલુકાના સેદ્રાણા ગામના શૈક્ષણિક સંકુલમાં જવાનું થયું ત્યારે સમાજની નેત્રદિપક શૈક્ષણિક તરક્કીની ઝાંખી થઈ હતી. સમાજના અગ્રણી અને મંડળના કારોબારી સભ્યશ્રી એ.ડી.મોમીને ૮૦એકર જમીનમાં પથરાયેલા અને કે.જી.થી માંડી મહાશાળા કક્ષાનું શિક્ષણ પ્રદાન કરતા નમૂનેદાર સંકુલની વિગતો આપી હતી.



તેઓશ્રી રિસર્ચ એકેડમીના અધ્યક્ષ છે. તેમણે જણાવ્યું કે, સંકુલમાં ભુલકાં માટે કેજીથી માંડી પ્રાથમિક-માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સહુલિયત સાથે આર્ટસ, સાયન્સ, કોમર્સ અને બી.સી.એ કોલેજ કાર્યરત છે. ધોરણ-૧થીપધોરણોની સંસ્થા ગ્રાન્ટેડ છે.ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં ૯૦ થી ૯૫ ટકા પરિણામ મળે છે. કૉલેજ સંકુલમાં ૧૫૦ ઉપરાંત છોકરાઓ માટે અને ૧૦૦ જેટલી દીકરીઓની હોસ્ટેલચાલે છે. અહેમદ વિકાસ મંડળ ૧૯૯૯થી કાર્યરત છે. જેનો ઉપક્રમે પાટણ ખાતે કામરાન એજ્યુકેશન ટ્રસ્ટની માધ્યમિક સ્કુલ ૨૦૦૭થી ચાલે છે.સેદ્રાણાનું સંકુલ છેલ્લા ૭ વર્ષથી કાર્યરત બન્યું છે. અહીં શીફાખાના (હોસ્પિટલ) અને લાયબ્રેરીની વિશિષ્ઠ સવલતો છે. સમાજના પ્રત્યેક ગામે દવાખાનું અને ગ્રંથાલય કાર્યરત છે. સંકુલમાં આગામી સમયમાં આઈ.ટી.આઈ એકમ શરૂ કરવાનું પ્લાનિંગ છે તેમ શ્રી એ.ડી મોમીને જણાવ્યું હતું. સેદ્રાણા સંકુલમાં જાફરી બોસ્તાને તિફલાન એટલે ધોરણ ૧ થી ધોરણ ૫ સુધીની અંગ્રેજી સ્કૂલ કાર્યરત છે. આ ઉપરાંત જાફરી પ્રાઈમરી સ્કુલ, સેકન્ડરી, હાયર સેકન્ડરી સહિત કોલેજ ઓફ મેનેજમેન્ટ, રૂહાની રહેબર એડલ્સએજ્યુકેશન પોગ્રામ, એપીટમિ એગ્રીકલ્ચરરીસર્ચ એન્ડ ડેરી એજ્યુકેશન, બી.એ.ઓ.યુ. ઓપન યુનિવર્સિટી, ઉર્દુ સ્ટડી સેન્ટર, માસ મીડિયાડિપાર્ટમેન્ટ જેવી શાખાઓ કાર્યરત છે. ૪૦ સભ્યોની કમિટી પૂજ્ય બાવાજીની પ્રેરણાથી સંકુલનું સંચાલન કરે છે.

દર વર્ષે ૨૬જાન્યુઆરીના પ્રજાસત્તાક દિનની આસપાસ સંકુલના પરિસરમાં વિશાળ ટ્રેડફેર યોજાય છે. તાજેતરમાં યોજાયેલો ટ્રેડફેર એક સપ્તાહ સુધી જારી રહ્યો હતો. જેમાં ૧૦૭ટ્રેડર્સ સહભાગી બન્યા હતા.

આમ એક નાનકડા સમાજે શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિકાસમાં હરણફાળ ભરી છે. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રનિષ્ઠા, શિસ્ત, સભ્યતા અને જીવનલક્ષી સંસ્કારોના ઘડતરમાં સેદ્રાણાનું સંકુલ સંકુલ નોંધપાત્ર કામગીરી કરી રહ્યું છે.

## શ્રી એમ.એમ ઝોટા પ્રાથમિક શાળા, રાધનપુરમા શિલ્ડ વિતરણનો કાર્યક્રમ યોજાયો

રાધનપુર

શ્રી હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટસ્ટ્ર સંચાલિત શ્રી એમ.એમ.ઝોટા પ્રા. શાળામાં ટ્રસ્ટના પ્રમુખ ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યસ્થાને વાલી સ્નેહમિલન તથા શિલ્ડ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગમાં ધો.૧ થી ૮ ના પ્રથમ ત્રણ નંબર તથા વિષયવાર વિદ્યાર્થીઓને શિલ્ડ અર્પણ કર્યા તથા ૧ થી ૩ નંબર મેળવનાર વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રીમતી રેખાબેન ઠક્કરે શાબ્દીક શબ્દોથી મહેમાનોનું સ્વાગત કર્યું હતુ. ટ્રસ્ટના પ્રમુખ ડૉ.મહેશભાઈ મુલાણી દ્વારા વાલીઓના સુચનોને આવકાર્યા હતા અને સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને હજુપણ વધુ સગવડો મળે તેવા પ્રયત્નો ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે તેવુ તેમના પ્રવચનમાં કહ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, સેક્રેટરીશ્રી ડૉ. નવીનભાઈ ઠક્કર, શિલ્ડના દાતા ટ્રસ્ટી ગંગારામભાઈ ઠક્કર, ટ્રસ્ટી ચુનિભાઈ ઠક્કર,



શિલ્ડના દાતા ગીતાબેન ઠક્કર, શિલ્ડના દાતા લાલાભાઈ વસંતભાઈ ઠક્કર, ટ્રસ્ટી ક્રિષ્નાબેન મુલાણી ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુપર વાઈઝર દીપાબેન ઠક્કરે કર્યુ હતું. તથા સાથે હિનાબેન પટેલ, મિનાક્ષીબેન જોષી, માયાબેન વ્યાસ તથા છાયાબેન દરજીએ સાથ આપ્યો હતો. આ પ્રસંગને સફળ બનાવવા સ્ટાફ મિત્રોએ અથાગ પ્રયત્ન કર્યો હતો. આ કાર્યક્રમની સફળતા બદલ ટ્રસ્ટના કોષાધ્યક્ષ ધીરૂભાઈ પી.ઠક્કર (પંપવાળા) એ શુભેચ્છાઓ પાઠવી હતી.

## રાધનપુર તાલુકાના ઝારોળ ગોઢ (ઓધવનગર)માં શ્રી હિમજા માતા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

રાધનપુર

રાધનપુર તાલુકાના સુલ્તાનપુરા પાસે આવેલા ઝારોળ ગોઢ (ઓધવનગર)ની ઐતિહાસિક પાવનધરા પર નવનિર્મિત મંદિરે શ્રેયસ્કરી કલ્યાણદાત્રી પરામ્બા ભગવતી શ્રી હિમજા માતા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી તા.૧ થી ૧૧ ફેબ્રુઆરી સુધી કરવામાં આવનાર છે. આ પ્રસંગે ત્રિદિવસીય શતચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.જયારે તા.૩ થી ૧૧ સુધી શ્રીમદ દેવી ભાગવત કથા (નવાહન જ્ઞાનયજ્ઞ)યોજવામાં આવનાર છે, જેમાં જ્ઞાનપીઠ ઉપર હનુમાનપુરાના પ્રખર વક્તા શાસ્ત્રીજી મનુભાઈ જોશી કથાનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવશે. આ કથામાં શક્તિઓ મહિમા, વ્યાસ શુકદેવ પ્રસંગ,



પરીક્ષિતની કથા, જન્મેજય પ્રસંગ, નારદવૃત્તાન્ત, રામચરિત્ર, કૃષ્ણચરિત્ર, સતી સુકન્યા, સતી સાવિત્રી,સતી તુલસી, શક્તિનું પ્રાગટ્ય મહિષાસૂર શુભ નિશુભ કથા, હરિશ્ચંદ્ર અને માં શાકંભરીની કથા સહીતનુ રસપાન કરાવવામાં આવનાર છે. કથાના મુખ્ય યજમાન શ્રી ધ્યાનયોગી બ્રહ્મલીન પ.પૂ. મધુસુદન દાસજી મહારાજના સુરતના શિષ્ય છે. જયારે સહયજમા નશ્રીઓ દ્વારા પણ દાનની સરવાણી વહાવવામાં આવી છે. જયારે ભારતીબેન ભીખાભાઈ ગોર (કડિયાદરા) ના પાવન પગલાંથી આ ભૂમિ ઉપર ઉત્સવોનો પ્રારંભ થયો છે. તા.૩ ના રોજ બપોરે સવા બાર વાગે પોથીયાત્રા નીકળશે જે સુલ્તાનપુરા, હનુમાનપુરા, સુબાપુરા ગામો થઈને ઝારોળ ગોઢ (ઓધવનગર) ખાતે પહોંચશે. આ પ્રસંગે ટોટાણાના સંત પૂ.સદરામ બાપુ, ઊંડાઈ આશ્રમના બ્રહ્મચારી શ્રી શ્યામ સ્વરૂપજી મહારાજ,બંધવડ આશ્રમના સંતશ્રી છબીલદાસ મહારાજ, નઝૂપુરા આશ્રમના સંતશ્રી બટૂક મહારાજ તેમજ સણાદર આશ્રમના સંતશ્રી અંકુશગીરી મહારાજ સહીત સંતો-મહંતો દર્શન દઈને આશીર્વચન પાઠવશે.

## બહુચરાજીમાં ડમ્પર ચોરીના ત્રણ આરોપીઓ જેસલમેરથી ઝડપાતા પૂછતાછ માટે બહુચરાજી લવાયા

ચાણસ્મા

બહુચરાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરાયેલા ડમ્પરના કેસમાં રાજસ્થાન પોલીસે ઝડપેલા ત્રણ આરોપીઓને ટ્રાન્સફર વોરંટથી રાજસ્થાનના જેસલમેરથી બહુચરાજી લવાયા છે. જેમને રિમાન્ડ પર મેળવવા તજવીજ હાથ ધરાઈ છે.



બહુચરાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રૂા. ૯ લાખની કિંમતનું ડમ્પર (જીજે-૨ ઝેડ ૧૦૪૪) ચોરાયું હતું. જે અંગે બહુચરાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા તપાસ હાથ ધરાઈ હતી. આ દરમિયાન રાજસ્થાનના જેસલમેરમાં કોતવાલી પોલીસ દ્વારા ચાર વાહનચોરોને ઝડપ્યા હતા. જેમની પૂછપરછમાં તેમણે જેસલમેરથી સ્વીફ્ટ ગાડીમાં બહુચરાજી આવી ડમ્પરની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આ ડમ્પર તેમણે જેસલમેરના રોજાણીયાની વસ્તીસમ ગામા મોહંમદ ઉર્ફે મહંમદ રહીમ અલીખાને વેચી માર્યું હતું.

રાજસ્થાન પોલીસે આ અંગે બહુચરાજી પોલીસને જાણ કરતાં પોલીસે ટ્રાન્સફર વોરંટ આધારે પીયેખા હુસેનખા મુસલમાન ભૈયા, હનીફખા આલમખાન મુસલમાન ભૈયા તથા ડમ્પર વેચાણ લેનાર મોહંમદ ઉર્ફે મહંમદ રહીમ અલીખાની ધરપકડ કરી બહુચરાજી લવાયા હતા. ચોરાયેલું ડમ્પર કબજે કરવાનું હોઈ તેમજ અન્ય કોઈ ચોરીમાં સંડોવાયેલા છે કે કેમ તે સહિતની બાબતે તપાસ માટે પોલીસે રિમાન્ડ મેળવવા કાર્યવાહી હાથ ધરી છે.

## રાધનપુરના ધારાસભ્યના એક જ પત્રથી ૧૨૩૧ લાભાર્થીઓને મકાનનો હપ્તો ચૂકવવાનું શરુ કરાયું

**છેલ્લા એક વર્ષથી પ્રધાનમંત્રી યોજનાના હપ્તા માટે રજૂઆતો કરાતી હતી**

રાધનપુરરાધનપુર

નગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરીજનોને લાભ પૂરો પાડવા માટે એમ.પેનલ કન્સલ્ટન્ટ ધવલ એન્જીનીયર દ્વારા બી.એલ.સી.યોજના હેઠળ આવાસો બનાવવા માટે શહેરી વિકાસ વિભાગને ડી.પી.આર. મંજૂરી માટે મોકલી આપેલ.જે અન્વયે ૧૪૬૫ લાભાર્થીઓના બી.એલ.સી. યોજના હેઠળ આવાસો મંજુર કરવામાં આવ્યા હતા. જે પૈકી ૧૨૬૬ લાભાર્થીઓ પ્રધાનમંત્રી આવાસ યોજનાની વેબસાઈટ ઉપર પ્રોજેક્ટ સાથે એટેચ થયેલ છે.જે પૈકી ૪ લાભાર્થીઓના ત્રિપક્ષીય કરાર રદ થયેલ છે. અને ૩૧ ત્રિપક્ષીય કરારની કામગીરી હાથ ધરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.જેથી બાકી રહેતા ૧૨૩૧ લાભાર્થીઓનો ત્રિપક્ષીય કરાર થઇ ગયેલ હોઈ લાભાર્થીઓના પ્રથમ હપ્તાની ગ્રાન્ટ રિલીઝ કરવા છેલ્લા એક વર્ષથી અવાર-નવાર રજૂઆતો કરવા છતાંય ગ્રાન્ટ છૂટી કરવામાં આવતી ન હતી.આ બાબતે નવનિર્વાચિત ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરને રાધનપુર શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમારે લેખિતમાં રજુઆત કરતા ધારાસભ્યએ તા.૨૯ ડિસેમ્બરે શહેરી વિકાસ મંત્રીને લેખિતમાં રજુઆત કરતા તાત્કાલિક ગ્રાન્ટ છૂટી કરીને લાભાર્થીઓને રૂ.૩૦ હજારનો પ્રથમ હપ્તો ચૂકવવાનું શરુ કરી દેવામાં આવ્યું છે,અને લાભાર્થીઓના બેન્ક ખાતામાં જમા થવા લાગ્યા છે. જેથી લાભાર્થીઓમાં હર્ષની લાગણી જોવા મળે છે.

ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરે શહેરી વિકાસ મંત્રીને કરેલી લેખિત રજુઆતમાં રાધનપુર નગરપાલિકા દ્વારા ૧૨૩૧ લાભાર્થીઓની ત્રિપક્ષીય કરારની યાદી થઇ ગયેલી હોઈ ગ્રાન્ટ રિલીઝ કરવા જણાવ્યું હતું. શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમારના જણાવ્યા મુજબ છેલ્લા એક વર્ષથી ગ્રાન્ટ રિલીઝ કરવા જિલ્લા કલેક્ટરથી માંડીને શહેરી વિકાસ વિભાગના સચિવને પણ લેખિતમાં રજૂઆતો કરવા છતાંય ગ્રાન્ટ છૂટી કરવામાં આવતી નહતી.હાલમાં લાભાર્થીઓના બેન્ક ખાતામાં રૂ.૩૦ હજારનો હપ્તો જમા થવા મંડ્યો છે તેથી લાભાર્થીઓ ખુશ છે.

## વિજયનગરના વણજ પાસેથી અજાણ્યા શખ્સની લાશ મળી આવી

હિંમતનગર

વિજયનગર તાલુકાના વણજ ગામની સીમમાં ગત શુક્રવારે એક અજાણ્યા ઈસમે અજાણ્યા શખ્સની હત્યા કરી તેની લાશનો નાશ કરવા રોડ નજીકના પુલીયા નજીક ફેંકી દીધી હતી. જે બાબતે વિજય નગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી હતી.

વણજના મંગળાજી ડામોરે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યું ગત તા-૨૬ મી જાન્યુઆરીએ એક અજાણ્યા ઈસમે અજાણ્યા શખ્સની હત્યા કરી બાદમાં પત્થરોથી ઈજા પોંચાડી પુરાવાનો નાશ કરવા લાશને વણજ પાસેના પુલીયા નીચે ફેંકી જતો રહ્યો હતો. આ બાબતે મંગળાજીએ વિજયનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.